પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ ● અંક : ૨૯૩ ● કુલ પાના : ૪ ● તારીખ : ૦૬-૦૮-૨૦૨૨ શનિવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## મોંઘવારી વિરૂધ્ધ કોંગ્રેસનું દેશભરમાં હલ્લાબોલ

# દિલ્હીના રસ્તાઓ પર સંગ્રામ, પોલીસે રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી સહિત અનેક કાર્યકરોની અટકાયત કરી

નવીદિલ્હી,

મોંઘવારી વિરુદ્ધ આજે દેશભરમાં કોંગ્રેસે વિરોધ પ્રદર્શન કર્યા હતાં વિરોધ પ્રદર્શન દરમિયાન દિલ્હી પોલીસે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી,પ્રિયંકા ગાંધીની અટકાયત કરી આ ઉપરાંત કોંગ્રેસના અનેક સાંસદો વિજય ચોક પર ધરણા ધરીને બેઠા હતાં ત્યારે પોલીસે તેમની પણ અટકાયત કરી હતી રાહુલ ગાંધી કોંગ્રેસ સાંસદો સાથે સંસદ ભવનથી રાષ્ટ્રપતિ ભવન સુધી માર્ચ કાઢી રહ્યા હતા. પરંતુ પોલીસે તેમને વિજય ચોક ઉપર જ રોકી દીધા અને રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી સહિત અનેક કોંગ્રેસના નેતાઓની અટકાયત કરી છે.રાહુલ ગાંધી રાષ્ટ્રપતિ ભવન સુધી માર્ચ કાઢવા માટે મકકમ હતાં પરંતુ સુરક્ષા જવાનોએ તેમને અટકાવી દીધા હતાં અને રોકયા હતાં પરંતુ તેઓ ઉભા જ રહી ગયા હતાં આથી તેમની અટકાયત કરવામાં આવી હતી પોલીસે આ માર્ચની મંજૂરી આપી નહતી. વિસ્તારમાં કલમ ૧૪ ૪લાગૂ કરી હતી.



દિલ્હીમાં કોંગ્રેસ દ્વારા કેન્દ્રની મોદી સરકાર વિરુદ્ધ પ્રદર્શન અને માર્ચ કરવામાં આવી હતી સંસદ ભવન અને રાષ્ટ્રપતિ ભવન વચ્ચે રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી સહિત કોંગ્રેસના નેતાઓએ કાળા કપડાં પહેરીને પ્રદર્શન કર્યું હતું આ દરમિયાન દિલ્હી પોલીસે રાહુલ ગાંધી સહિત અનેક કોંગ્રેસ સાંસદોની અટકાયત કરી. કોંગ્રેસ ઓફિસથી માર્ચ કાઢી રહેલા પ્રિયંકા ગાંધીની પણ અટકાયત કરવામાં આવી છે. સંસદ ભવનથી પાર્ટી સંસદોની માર્ચ શરૂ થતા પહેલા કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી પણ તેમાં થોડીવાર માટે સામેલ થયા હતા. પાર્ટી સાંસદોએ કાળા કપડાં પહેર્યા હતા. પોલીસે કોંગ્રેસ નેતાઓને વિજય ચોક પર જ રોકી લીધા. કોંગ્રેસ સાંસદ રાષ્ટ્રપતિ ભવન પહોંચવા માંગતા હતા.

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ અટકાયતમાં લેવાયા તે પહેલા મીડિયાકર્મીઓ સાથે વાતચીત કરતા દિલ્હી પોલીસ પર પાર્ટી કાર્યકરો સાથે મારપીટનો આરોપ લગાવ્યો. રાહુલ ગાંધીએ કહ્યું કે અમે અહીં મોંઘવારી અને બેરોજગારીના મુદ્દાઓ પર ઊભા છીએ. અમે આગળ વધવા માંગતા હતા પરંતુ પોલીસે અમને મંજૂરી આપી નહીં. સાંસદો સાથે ગેરવર્તણૂંક અંગે પૂછવામાં આવતા તેમણે કહ્યું કે તે ઠીક છે, અમારું કામ આ તાકાતોનો વિરોધ કરવાનો છે. અમારું કામ એ સુનિશ્ચિત કરવાનું છે કે ભારતીય લોકતંત્રની રક્ષા થાય. અમારું કામ મોંઘવારી, અને બેરોજગારી જેવા લોકો માટેના મુદ્દાઓ ઉઠાવવાનું છે અને અમે એ જ કરી રહ્યા છીએ.

રાહુલ ગાંધીએ ટ્વીટ કરી કે આ તાનાશાહ સરકારને ડર લાગી રહ્યો છે. ભારતની હાલતથી, કમરતોડ મોંઘવારીથી, અને ઐતિહાસિક બેરોજગારીથી, પોતાની નીતિઓથી આવેલી બરબાદીથી. જે સચ્ચાઈથી ડરે છે, તે જ અવાજ ઉઠાવનારાને ધમકાવે છે. બીજી બાજુ કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે ટ્વીટ કરીને કહ્યું કે આજે એકવાર ફરીથી કોંગ્રેસ સાંસદોને મોંઘવારી, બેરોજગારી, અને જીએસટી વિરુદ્ધ પ્રદર્શન કરવાના લોકતાંત્રિક અધિકારથી વંચિત કરાયા. વિજય ચોક પર અમને પોલીસ વેનમાં ભરી દેવાયા. એક વસ્તુ સ્પષ્ટ છે કે જે ડરે છે તે ડરાવવાનો પ્રયત્ન કરે છે.રાહુલ ગાંધી, અધીર રંજન ચૌધરી, દિગ્વિજય સિંહ અને ગૌરવ ગોગોઈ સહિત તમામ સાંસદોની અટકાયત કરીને બસમાં બેસાડી દેવામાં આવ્યા હતાં.

રાહુલ સાથે શશિ થરૂરને પણ કસ્ટડીમાં લેવામાં આવ્યા હતાં. આ ઉપરાંત દિલ્હી પોલીસે પ્રિયંકા ગાંધીની કોંગ્રેસ ઓફિસેથી અટકાયત કરી હતી પ્રિયંકા ગાંધી વાડ્રા કોંગ્રેસ હેડક્વાર્ટર પહોંચ્યા હતા અને વિરોધ પ્રદર્શનમાં સામેલ થયા હતાં પ્રિયંકા ગાંધીએ પોલીસ દ્વારા લગાવવામાં આવેલી રેલીગોને કુદીને આગળ જવાનો પ્રયાસ કર્યો હતો પોલીસે તેમને અટકાવ્યા હતાં પરંતુ તેઓ માન્યા ન હતાં અને રસ્તા પર જ ધરણા પર બેસી ગયા હતાં લગભગ અડધો કલાકના ધરણા બાદ મહિલા સુરક્ષા કર્મચારીઓને બોલાવી પ્રિયંકા ગાંધીને કસ્ટડીમાં લેવામાં આવ્યા હતાં. વિરોધને ધ્યાનમાં રાખીને અકબર રોડ પર ભારે સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી હતી. પોલીસે ત્રણ સ્તરોમાં સૈનિકોને તૈનાત કર્યા છ હતાં કોઈપણ કામદારને અંદર જવા દેવામાં આવ્યા ન હતાં દિલ્હી ઉપરાંત કોંગ્રેસના કાર્યકરોએ મુંબઇ, રાજસ્થાન સહિત દેશભરમાં મોંધવારી વિરૂધ્ધ ધરણા કર્યા હતાં.

# કડાકાભડાકા સાથે મેઘમહેર : ધ્રાંગધ્રામાં ધોધમાર વરસાદથી પાણી જ પાણી, મુખ્ય બજારોમાં નદીઓની જેમ પાણી વહ્યાં

સુરેન્દ્રનગર,

સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રામાં આજે વહેલી સવારથી જ કડાકાભડાકા સાથે મુશળધાર વરસાદ વરસ્યો હતો, જેથી શહેરની મુખ્ય બજારોમાં વરસાદી પાણી ભરાયાં હતાં. ધ્રાંગધ્રાનાં મુખ્ય બજારો જાણે સ્વિમિંગ પૂલ બની ગયા હોય એવાં દશ્યો જોવા મળ્યાં હતાં. ધ્રાંગધ્રા શહેરમાં ઠેર ઠેર વરસાદી પાણી ભરાવાથી વેપારીવર્ગ અને શહેરીજનોને ભારે હાલાકીનો સામનો કરવાની નોબત આવી હતી.



ધ્રાંગધ્રામાં વહેલી સવારે આવેલા ધોધમાર વરસાદથી ધ્રાંગધ્રાના મુખ્ય બજાર, રાજકમલ ચોક, શક્તિ ચોક, જૂની શાક માર્કેટ, દરિયાલાલ મંદિર, વાડીલાલ આઈસક્રીમ ઝાલા રોડ વગેરે મુખ્ય માર્ગો ઉપર વરસાદી પાણી ભરાઈ જતાં વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો, અનેક જગ્યાએ ગોઠણસમા પાણી ભરાયાં હતાં. રસ્તા પર વરસાદી પાણીને કારણે અનેક વાહનચાલકોનાં વાહનો પણ બંધ થઈ ગયાં હતાં, જેથી વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

ધ્રાંગધ્રા નગરપાલિકા દ્વારા વરસાદી પાણીના નિકાલ માટે ભૂગર્ભ ગટરની વ્યવસ્થા પાછળ કરોડો રૂ.નો ખર્ચ કરવામાં આવ્યો છે, પરંતુ ગટરની યોગ્ય સફાઈ કે પ્રી-મોન્સૂન કામગીરી ન કરવામાં આવતાં વરસાદી પાણીનો ભરાવો થયો હતો. જેથી લોકો પરેશાન થઈ ગયા હતા. આજે ધ્રાંગધ્રામાં વહેલી સવારથી જ મેઘતાંડવ શરૂ થયું હતું તેમજ વરસાદ બંધ થયાને ૩ કલાક બાદ પણ ચારેબાજુ વરસાદી પાણી ભરાયેલા જોવા મળ્યાં હતાં. ધ્રાંગધ્રાના શહેરીજનોને બજારમાં જવા આવવા કે દુકાનદારોને પોતાની દુકાને જવા માટે ખૂબ મુશ્કેલી પડી હતી.

સુરેન્દ્રનગર જિલ્લામાં ગઈકાલથી જ વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો. જિલ્લાના લખતરમાં બે સપ્તાહના વિરામ બાદ ગઈકાલે ફરી મેઘમહેર થઈ હતી. લખતરમાં બે કલાકમાં ધોધમાર એક ઈંચ જેટલો વરસાદ ખાબક્યો હતો, જેથી રસ્તા પર પાણી ફરી વળ્યાં હતાં.

# બંગાળ શિક્ષક ભરતી કૌભાંડ : ૫ હજારને નોકરીની રાહ, ૫૧૦ દિવસથી ધરણાં ચાલુ

કોલકાતા,

પશ્ચિમ બંગાળના હજારો યુવકોએ સરકારી નોકરીનું સપનું જોઈને એસએસસી (સ્કૂલ સર્વિસ કમિશન)ની પરીક્ષા આપી હતી. લાગતું હતું કે જિંદગી સુધરી જશે પણ કૌભાંડના જિને તેમની એવી હાલત કરી મૂકી છે કે ઉમેદવારો ૫૧૦ દિવસથી નોકરી માટે ધરણાં પર બેઠા છે. રાજ્ય સરકાર તેમને આશ્વાસન તો આપી રહી છે પણ યુવાનો નિમણૂકપત્રની માગ કરી રહ્યા છે.





તેઓ કોલકાતામાં ગાંધીજીના પૂતળા આગળ ધરણાં પર બેઠા છે. તાજેતરમાં પૂર્વ શિક્ષણમંત્રી પાર્થ ચેટરજીની ધરપકડ બાદ મમતા બેનરજીના ભત્રીજા અભિષેક બેનરજીએ પણ આ યુવાનોની મુલાકાત લીધી હતી.એસએસસીની પરીક્ષા ૨૦૧૬માં લેવાઈ હતી. ૨૦૧૭માં પરિણામ આવ્યું તેમાં સિલીગુડીની બબીતા સરકારને ૭૭ માર્ક મળ્યા. આ દરમિયાન મેરિટ લિસ્ટ રદ કરી દેવાયું. નવા મેરિટમાં બબીતાનું નામ વેઈટિંગ લિસ્ટમાં જતું રહ્યું જ્યારે રાજ્યના મંત્રી પરેશ અધિકારીની પુત્રી અંકિતાના માર્ક બબીતાથી ઓછા હોવા છતાં તેનું નામ મેરિટમાં પહેલા નંબરે આવી ગયું.

આ મેરિટને બબીતાના પતિએ હાઈકોર્ટમાં પડકારતાં કૌભાંડના પડ ખૂલવા લાગ્યા. કોર્ટમાં સત્ય સામે આવ્યું અને અંકિતાની નોકરી ફેક નીકળી. કોર્ટે અંકિતાને નોકરીમાંથી હટાવવાની સાથોસાથ તેણે નોકરી દરમિયાન મેળવેલા પગારની કુલ રકમ પરત કરવાનો પણ આદેશ કર્યો. તે પછી બબીતાને તો નોકરી મળી ગઈ પણ ૫,૦૦૦ યુવાનો આજે પણ નિમણૂકપત્રની રાહ જોઈ રહ્યા છે. તપાસથી માલૂમ પડ્યું કે આઈટીઆઈના માધ્યમથી કેટલાક ઉમેદવારોના માર્ક વધારાયા અને અંદાજે ૧,૦૦૦ અયોગ્ય લોકોને નોકરી અપાઈ. તેમાં ૨૫૦ લોકો તો એવા હતા કે જેમના મેરિટ લિસ્ટમાં નામ જ નહોતા. સમગ્ર મામલે સીબીઆઈ તપાસ કરી રહી હતી.

# દેશનું ભવિષ્ય એવા બાળકો મોટી માત્રમાં જાતીય શોષણનો શિકાર બની રહ્યા છે

નવીદિલ્હી,

જે બાળકો દેશનું ભવિષ્ય કહેવાય છે, આજે તેમનું બાળપણ ભય અને ગભરાટમાં પસાર થઈ રહ્યું છે. આંકડાઓ પર નજર કરીએ તો ખબર પડે છે કે દેશમાં દરરોજ બાળકો યૌન શોષણ નો શિકાર બની રહ્યા છે. આ સમસ્યા ઘણી મોટી છે, કારણ કે જે બાળકો બાળપણમાં આવા ગુનાનો શિકાર બને છે, તેઓ તેને આખી જિંદગી ભૂલી શકતા નથી. કલ્પના કરો કે આ ત્યારે થઈ રહ્યું છે જયારે આપણા દેશમાં બાળકોના સંરક્ષણને લગતા તમામ કાયદાઓ પહેલાથી જ અસ્તિત્વમાં છે. હકીકતમાં આ મામલે મહિલા અને બાળ વિકાસ મંત્રાલયનો રિપોર્ટ સામે આવ્યો છે. જે મુજબ ૨૦૧૯ થી જૂન ૨૦૨૨ સુધીમાં દેશમાં કુલ ૭,૫૯૫ બાળકો યૌન શોષણનો ભોગ બન્યા છે. તે જ સમયે, ઉત્તર પ્રદેશ ૨૯૭૩ કેસ સાથે નંબર ૧ પર રહે છે.



મહિલા અને બાળ વિકાસ મંત્રાલયના રિપોર્ટ અનુસાર, બાળકોનું સૌથી વધુ યૌન શોષણ થતા રાજ્યોમાં ઉત્તર પ્રદેશનું નામ પ્રથમ સ્થાને છે. તે જ સમયે, બિહાર બીજા નંબર પર છે, જ્યાં ૨૦૧૯ થી જૂન ૨૦૨૨ સુધીમાં બાળકોના યૌન શોષણના ૫૧૧ કેસ નોંધાયા છે. તે જ સમયે, દિલ્હી ત્રીજા નંબરે છે જ્યાં ૪૩૭ કેસ નોંધાયા છે, જયારે હરિયાણા ચોથા નંબર પર અને રાજસ્થાન પાંચમાં નંબરે છે. આ રાજ્યોમાં અનુક્રમે ૪૧૧ અને ૪૧૦ કેસ નોંધાયા છે.


બાળકોના જાતીય શોષણના કિસ્સાઓ પર નજર કરીએ તો દેશના દરેક ખૂણે એક સરખા જ લાગે છે. મધ્યપ્રદેશમાં, જ્યાં આવા કેસોની સંખ્યા ૩૭૪ છે, તમિલનાડુમાં ૩૧૦ છે. ઝારખંડ, મહારાષ્ટ્ર અને તેલંગાણામાં પણ આવી જ સ્થિતિ છે. અહીં પણ ૨૦૦ થી વધુ કેસ છે. આ રાજ્યોમાં ૨૦૧૯ થી જૂન ૨૦૨૨ સુધીમાં અનુક્રમે ૨૮૭,૨૬૧ અને ૨૧૦ કેસ નોંધાયા છે.

જો કે, પશ્ચિમ બંગાળ, છત્તીસગઢ, કર્ણાટક, ઓડિશા અને પંજાબ એવા રાજ્યો છે જ્યાં કેસની સંખ્યા ૨૦૦ થી ઓછી છે. આ રાજ્યોમાં આ સમયગાળામાં અનુક્રમે ૧૬૮,૧૬૦,૧૪૦,૧૨૮ અને ૧૨૨ કેસ નોંધાયા છે. જ્યારે દેશમાં સૌથી ઓછા કેસ ધરાવતા રાજ્યો પર નજર કરીએ તો તેમાં ગુજરાત, આંધ્રપ્રદેશ, ઉત્તરાખંડ, આસામ અને કેરળનું નામ આવે છે. આ રાજ્યોમાં ૧૫૦ થી ઓછા કેસ નોંધાયા છે. માહિતી અનુસાર, ગુજરાતમાં જ્યાં ૧૨૦ કેસ નોંધાયા છે, ત્યાં આંધ્રપ્રદેશમાં ૧૧૨ કેસ નોંધાયા છે. જ્યારે ઉત્તરાખંડ, આસામ અને કેરળમાં ૨૦૧૯ થી જૂન ૨૦૨૨ સુધીમાં બાળકોના જાતીય શોષણના અનુક્રમે ૬૪, ૬૪ અને ૬૦ કેસ નોંધાયા છે.

# કેન્દ્રની અગ્નિપથ યોજનાની વિરૂધ્ધ સાત ઓગષ્ટથી અભિયાન ચલાવાશે : કિસાન નેતા ટિકૈત

બાગપત,

ભારતીય કિસાન યુનિયનના નેતા રાકેશ ટિકૈતે જણાવ્યું છે કે તેમનો કિસાન સમુહ કેન્દ્રની નવી સૈન્ય ભરતી યોજના અગ્નિપથની વિરૂધ્ધ સાત ઓગષ્ટથી અભિયાન શરૂ કરશે. પશ્ચિમ ઉત્તરપ્રદેશમાં બાગપત જીલ્લાના ટિકરી વિસ્તારમાં કિસાનોની એક સભાને સંબોધિત કરતા ટિકૈતે કહ્યું કે આ મુદ્દા પર કેન્દ્ર સરકાર અને ઉત્તરપ્રદેશની સાથે લડાઇ શરૂ થવાની બાકી છે. બીકેયુના રાષ્ટ્રીય પ્રવકતા કૃષક સમુદાયથી સમર્થનની માંગ કરતા કહ્યું કે અગ્નિપથ યોજનાની વિરૂધ્ધ અભિયાન સાત ઓગષ્ટથી શરૂ થશે અને એક અઠવાડીયાથી વધુ સમય સુધી ચાલશે તેમણે આરોપ લગાવ્યો કે તાજેતરના વર્ષોમાં મોટા વિરોધોને જોતા કિસાનોને ડરાવવા ધમકાવવા માટે તેમની વિરૂધ્ધ જુના પોલીસ મામલા શોધવામાં આવી રહ્યાં છે. ટિકૈતે કહ્યું કે જયારે ઉત્તરપ્રદેશમાં ભાજપની સરકાર બની તો ભાજપના સભ્યોની વિરૂધ્ધ મામલા બંધ કરી દેવામાં આવ્યા આથી તેમને કેસો માટે તૈયાર રહેવું જોઈએ અથવા અમે આંદોલન માટે તૈયારી છીએ તેમણે કહ્યું કે લખનૌ અને દિલ્હીવાળાઓએ એ સાંભળવું જોઇએ તમે રાજકીય પક્ષોનો તોડી શકો છો તમે કિસાન સમૂહોના નેતાઓને અલગ કરી શકો છો પરંતુ કિસાનોને તોડી શકો તેમ નથી કિસાન તમારો (સરકાર)નો વિરોધ કરશે. ટિકૈતે સેંકડો કિસાનોની ભીડને સંબોધતા જમીન અધિગ્રહણ,વિજળી શુલ્ક અને શેરડીના પૈસા બાકી સાથે જોડાયેલા મુદ્દાઓ પર પણ પ્રકાશ પાડયો હતો તેઓ સતત કેન્દ્રીય કૃષિ કાનુનોની વિરૂધ્ધ દિલ્હીમાં ૨૦૨૦-૨૧ના વિરોધ પ્રદર્શનો દરમિયાન ટિકૈત રાષ્ટ્રીય સ્તર પર મુખ્ય રીતે ઉભરી આવ્યા છે.



# આતંકીઓએ પુલવામામાં બિહારના મજૂરો પર ગ્રેનેડ ફેંક્યું, એકનું મોત, બે ઈજાગ્રસ્ત

પુલવામા,

જમ્મુ-કાશ્મીરના પુલવામામાં આતંકીઓએ બહારના મજૂરો પર હુમલો કર્યો છે. આતંકીઓએ પુલવામાના ગદૂરા વિસ્તારમાં મજૂરો પર ગ્રેનેડ ફેંક્યું છે. આ આતંકી ઘટનામાં એક મજૂરના મોત થઈ ગયા છે અને બે અન્ય ઈજાગ્રસ્ત થયા છે. જમ્મુ-કાશ્મીર પોલીસે આ જાણકારી આપી છે. પોલીસે વિસ્તારની ઘેરાબંધી કરી છે.

મૃતક મજૂરની ઓળખ બિહારના સકવા પરસા નિવાસી મોહમ્મદ મુમતાઝના રૂપમાં થઈ છે. જમ્મુ અને કાશ્મીર પોલીસે જણાવ્યું કે ઈજાગ્રસ્તની ઓળખ બિહારના રામપુર નિવાસી મોહમ્મદ આરિફ અને મોહમ્મદ મજબૂલના રૂપમાં થઈ છે, બંને સ્થિર છે. નોંધનીય છે કે જમ્મુ-કાશ્મીરમાં ત્રણ દિવસમાં આ ત્રીજો આતંકી હુમલો છે. પરંતુ આ પહેલાના હુમલામાં કોઈ નુકસાન થયું નહોતું.

આ પહેલા જમ્મુ-કાશ્મીરના અલોચીબાગ વિસ્તારમાં પણ આતંકીઓએ એક પોલીસ દળ પર હુમલો કર્યો હતો, પરંતુ જવાબી કાર્યવાહી થવા પર તે ભાગી ગયા હતા. પાછલા મંગળવારે જમ્મુ-કાશ્મીરના રામબન જિલ્લામાં એક પોલીસ ચોકી પર આતંકીઓએ ગ્રેનેડ ફેંક્યું હતું.

ગ્રેનેડ પોલીસ ચોકીની છત પર પડ્યું હતું અને તેમાં વિસ્ફોટ થયો. તેમાં કોઈ નુકસાન થયું નહીં. રામબન જિલ્લાના હુમલાને લઈને એડિશનલ પોલીસ કમિશનર મુકેશ સિંહે જણાવ્યુ હતું કે જમ્મુ-કાશ્મીર ગજવની ફોર્સે હુમલાની જવાબદારી લીધી છે. વિશેષ અભિયાન સમૂહ અને સેનાએ આ વિસ્તારની ઘેરાબંધી કરી સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે. જિલ્લામાં એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે અને આ સંબંધમાં કેસ દાખલ કરવામાં આવ્યો છે.

અભીનંદન....
પંચમહાલ સમાચાર દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
બારીયા પુનાભાઈ જેસીંગભાઈ
તરફથી અભીનંદન....
મુ. મંડેર,
તા. લીમખેડા,
જી. દાહોદ

અભીનંદન....
પંચમહાલ સમાચાર દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
મનોરમાબેન નરેન્દ્રભાઈ શાહ
તરફથી અભીનંદન....
મુ. મેથાણ-તાવિયાડ ફળિયું,
તા. લીમખેડા,
જી. દાહોદ

અભીનંદન....
પંચમહાલ સમાચાર દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
એચ. વી. પરમાર
તરફથી અભીનંદન....
મુ. સરસવા,
તા. ઘોઘંબા,
જી. પંચમહાલ

અભીનંદન....
પંચમહાલ સમાચાર દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
એસ. બી. બારીઆ
તરફથી અભીનંદન....
મુ. રૂપારેલ,
તા. ઘોઘંબા,
જી. પંચમહાલ

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# લુણાવાડા ધારાસભ્યએ ડ્રોન ટેકનોલોજી દ્વારા ઈફકો નેનો યુરીયા છંટકાવ યોજનાનો પ્રારંભ મહિસાગર જિલ્લાના ખાતુપગીના મુવાડા (કોઠંબા) ગામેથી કરાવ્યો


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,

નવીન ડ્રોન ટેકનોલોજી તેમજ નેનો યુરિયા (પ્રવાહી) ખેડૂતો સુધી પહોંચાડવાના ભાગરૂપે આ વર્ષે રાજ્ય સરકાર દ્વારા કૃષિક્ષેત્રે જંતુનાશક દવાઓ અને નવીન સંશોધિત નેનો યુરિયાના છંટકાવમાં સરળતા રહે તેવા શુભ આશયથી ડ્રોન દ્વારા દવા છંટકાવની યોજના અમલમાં મૂકી છે, જેના ભાગરૂપે લુણાવાડા ધારાસભ્ય જીગ્નેશભાઈ સેવકે ડ્રોન ટેકનોલોજી દ્વારા ઈફકો નેનો યુરીયા છંટકાવ યોજનાનો પ્રારંભ મહિસાગર જિલ્લાના ખાતુપગીના મુવાડા (કોઠંબા) ગામેથી કરાવ્યો હતો.

કૃષિ ક્ષેત્રમાં ડ્રોન ટેકનોલોજીના ઉપયોગથી ફકત ૨૦ મીનીટમાં ૧ હેકટર જેટલા વિસ્તારમાં ૨૫ લીટર પાણી દ્વારા દવા છંટકાવ કરી શકાય છે અને ખેત મજુરની સમસ્યાનું નિવારણ થઈ શકે છે ખેડૂતોનો સમય અને ઉર્જા બચાવી ખેડૂતોને સમૃધ્ધ બનાવવા માટે કૃષિમાં યાંત્રિકીકરણને પ્રોત્સાહન અંતર્ગત કૃષિ ક્ષેત્રમાં અદ્યતન ડ્રોન ટેક્નોલોજી (કૃષિ વિમાન) નો ઉપયોગ યોજના હેઠળ કુલ રૂ.૩૫ કરોડ ની જોગવાઈ કરવામાં આવી છે આ યોજનામાં કુલ ૧.૪૦ લાખ એકર વિસ્તાર આવરી લેવાનું આયોજન છે.

લુણાવાડા ધારાસભ્ય જીગ્નેશભાઈ સેવકે જણાવ્યુ કે આ યોજના હેઠળ ખેડૂતને એક એકર માં ડ્રોન દ્વારા છંટકાવ માટે વધુમાં વધુ રૂ.૫૦૦/- સહાય આપવામાં આવશે અને જમીન ખાતા દીઠ નાણાકીય વર્ષમાં વધુમાં વધુ કુલ પાંચ એકર અને વધુમાં વધુ પાંચ છંટકાવની મર્યાદામાં કુલ રૂ. ૨૫૦૦/-ની મર્યાદામાં સહાય મળવા પાત્ર રહેશે મુખ્યમંત્રીએ રાજ્યના કિસાનોની આવક બમણી કરવાના તેમજ વિવિધ પાકોના વાવેતરથી વેચાણ સુધી કેન્દ્ર અને રાજ્ય સરકારના ખેડૂત કલ્યાણ લક્ષી આયોજનની ભૂમિકા આપી હતી.

વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીએ દેશમા હરેક ક્ષેત્રે ટેકનોલોજીનો ઉપયોગ કરીને નાનામાં નાના માનવીને સુખ સુવિધા આપી વિકાસની મુખ્ય ધારામા લાવવાની જે જનહિત યોજનાઓ અમલી બનાવી છે તેનો લાભ સુપેરે પહોંચાડવા ગુજરાતમાં તેમની ટીમ સતત કર્તવ્યરત છે.

આ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી કે.ડી.લાખાણી, જિલ્લા ખેતીવાડી અધિકારી જે.આર.પટેલ તેમજ ખેડૂતો આ અવસરે ઉપસ્થિત રહ્યા હતા.

# સંતરામપુર ખાતે ૯મી ઓગસ્ટ વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી અન્વયે જિલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઇ




લુણાવાડા,

રીઓ-ડી જાનેરો બ્રાઝીલમાં પૃથ્વી પરિષદયોજી હતી જેમાં ૬૮ જેટલા દેશોના ૪૦૦ જેટલા આદિવાસી આગેવાનો ભેગા થયા હતા અને ગહન ચર્ચા કરવામાં આવી હતી. ચર્ચાના અંતે ૯મી ઓગસ્ટને દર વર્ષે વિશ્વ આદિવાસી દિવસ ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે. વર્ષ ૧૯૯૪થી આ દિવસને સંયુક્ત રાષ્ટ્રે ઉત્સાહભેર ઉજવણી કરવાનું નક્કી કર્યું છે. જુદા જુદા રાષ્ટ્રો, દેશ અને દુનિયા તથા રાજ્યોમાં જન જાગૃતિ પર્યાવરણ, વિશ્વ બંધુત્વની ભાવના વિકસે તે માટે સાથે સાથે માનવ માનવ વચ્ચે સદભાવ સમરસતા વિકશે તેવા મૂળ ઉદેશથી આ દિવસને વિશેષ મહત્વ આપવામાં આવે છે. અને આદિજાતિના લોકો દ્વારા અપાયેલા બલિદાનને પણ યાદ કરવામાં આવે છે.

મહીસાગર જિલ્લામાં ૯મી ઓગસ્ટ વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી સંતરામપુર ખાતે આરોગ્ય પરીવાર કલ્યાણ, તબીબી શિક્ષણ,જળસંપતિ અને પાણી પુરવઠા મંત્રી ઋષિકેશ પટેલની ઉપસ્થિતિમાં થનાર છે. જે અન્વયે જિલ્લા કલેકટર ડો.મનીષકુમારના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ હતી. મહીસાગર વાસીઓ આગામી ૯મી ઓગસ્ટના રોજ ખુબજ ઉત્સાહ પૂર્વક વિશ્વ આદિવાસી દિવસનો જશ્ન મનાવશે. ત્યારે જિલ્લા કક્ષાએ તમામ વ્યવસ્થા જાળવવા કલેકટરએ આ બેઠકમાં સંબંધિત અધિકારીઓને કાર્યક્રમ અન્વયે જરૂરી જવાબદારી સોંપી હતી. આ બેઠકમાં કાર્યક્રમની તમામ રૂપરેખા અંગે ચર્ચા કરાઇ હતી. ઉપરાંત તમામ અધિકારીઓને યોગ્ય કામગીરી હાથ ધરવા સૂચન આપવામાં આવ્યા હતા.

આજની બેઠકમાં, જિલ્લા પોલીસ વડા આર.પી.બારોટ, અધિક નિવાસી કલેકટર એ.આઇ. સુથાર, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક જે.કે. જાદવ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# નારી વંદન ઉત્સવ કાર્યક્રમ અન્વયે મહીસાગર જીલ્લામાં મહિલા કર્મયોગી દિવસની ઉજવણી જીલ્લા પંચાયત હોલ ખાતે યોજાઈ


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,

નારી વંદન ઉત્સવ કાર્યક્રમ અન્વયે મહીસાગર જીલ્લામાં મહિલા કર્મયોગી દિવસની ઉજવણી હેઠળ જાગૃત્તા શિબિર જીલ્લા પંચાયત હોલમાં રાખવામાં આવેલ હતી. જેમાં કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી અધિનિયમ-૨૦૧૩ હેઠળ જુદી જુદી કચેરીઓમાં રચના કરેલ આંતરિક કમિટીના અંદાજે ૧૦૦ થી વધારે સભ્યો હાજર રહેલ હતા. આ સેમીનારમાં કામકાજ ના સ્થળે મહિલાઓની જાતીય સતામણી અધિનિયમ-૨૦૧૩ અંગેની વિસ્તૃત માહિતી પ્રેઝન્ટેશન દ્વારા દહેજ પ્રતિબંધક અધિકારી પંકજ પટેલ દ્વારા આપવામાં આવી. જેમાં કાયદા મુજબ ભોગ બનનાર સ્ત્રી કોણે કહી શકાય? નોકરી કરનાર કોણે ગણી શકાય?,સામાવાળા એટલે કોણ? જાતીય સતામણી એટલે શું?, ભોગ બનનારે અરજી ક્યાં અને કેવી રીતે કરવી અને દીવાની અને ફોજદારી કાર્યવાહી માટે કેવા પ્રકારની મદદ અને રાહત ભોગ બનનારને મળી શકે?, સ્થાનિક અને આંતરિક કમિટી નું માળખું અને કાર્યો, તપાસ દરમ્યાન ભોગ બનનાર મહિલા ને કેવા પ્રકારની રાહત મળવાપાત્ર છે તેમજ આ કાયદાની જોગવાઈઓના ભંગ બદલ સજા અંગેની વિસ્તૃતજાણકારી આપવામાં આવેલ હતી.

મહિલાલક્ષી કાયદાઓ અને IPC-૧૮૬૦ હેઠળ મહિલાઓ માટે થયેલ જોગવાઈ અંગેની વિસ્તૃતી જાણકારી મહિલા પોલીસ સ્ટેશનના મહિલા પોલીસ ઈન્સ્પેકટર ઠાકર દ્વારા આપવામાં આવી હતી.

# મહિસાગર જીલ્લા કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું



લુણાવાડા,

ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ જગદીશ ઠાકોરને સુચના મુજબ સમગ્ર રાજ્યમાં મોંઘવારી બેરોજગારી જીએસટીના વિરૂદ્ધમાં રાજ્ય વાપી પ્રદર્શન કરવામાં હોવાની સૂચના ને આધારે મહીસાગર જિલ્લા કોંગ્રેસ દ્વારા મોંઘવારી ભાવ વધારો જીએસટીના વિરૂદ્ધમાં આજરોજ મહીસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડા ખાતે સરદાર પટેલની પ્રતિમા આગળ ધરણા પ્રદર્શન કરી શેરમાં રેલી કાઢી વિરોધ નોંધાયો હતો.

કોંગ્રેસના કાર્યકરોની રેલી દરમિયાન લુણાવાડા ટાઉન પોલીસ દ્વારા અટક કરી અંદાજિત ૫૦ થી વધુ કાર્યકરોની અટકાયત કરવામાં આવી હતી. મહીસાગર જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સુરેશભાઈ પટેલ, બાલાસિનોર ધારાસભ્ય અજીતસિંહ ચૌહાણ, લુણાવાડા તાલુકા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપસિંહ, પૂર્વ વિપક્ષ નેતા પી.એમ.પટેલ, મહિલા કોંગ્રેસના પ્રમુખ લતાબેન મજાર, યુથ કોંગ્રેસના પ્રમુખ ચિરાગ વળવાઈ, લુણાવાડા યુથ કોંગ્રેસ પ્રમુખ ભાવેશ વાળંદ, સાહિલ પરમાર લુણાવાડા તાલુકા કોંગ્રેસ ઉપપ્રમુખ, મહીસાગર જિલ્લા ઉપપ્રમુખ ઉદેસિંહ, પૂર્વ નગરપાલિકાના પ્રમુખ જયેન્દ્રસિંહ પરમાર, નગર પાલિકાના કોર્પોરિટર ફઝલ રસીદ સહિત કોંગ્રેસના આગેવાનો કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# સંતરામપુર તાલુકાના ગોઠીબ હાઈસ્કૂલમાં પોલીસ વિભાગ દ્વારા E-FIRનો કાર્યક્રમ યોજવામાં આવ્યો


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

ગુજરાત સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલો ગુજરાત પોલીસ વિભાગ દ્વારા બહાર અને મોબાઈલ ચોરીની ફરિયાદ માટે હવે પોલીસ સ્ટેશનમાં આવવાની જરૂર નથી. સંતરામપુર તાલુકાના ગોઠીબ હાઈસ્કૂલમાં વિદ્યાર્થીઓને મોબાઈલ એપ્લિકેશન થી ઓનલાઇન ફરિયાદ કઈ રીતે નોંધાવી તે બાબતનું માર્ગદર્શન પૂરૂ પાડવામાં આવેલું હતું. પોલીસ વિભાગ દ્વારા દરેક વિદ્યાર્થીઓને આત્મા મોબાઈલ રાખીને એપ કઈ રીતે ડાઉનલોડ કરવી તે બધું માર્ગદર્શન વિદ્યાર્થીઓની પૂરૂં પાડવામાં આવેલું હતું અને સમજાવવામાં આવેલું હતું. આ કાર્યક્રમમાં મહીસાગર જિલ્લાના વળવી સંતરામપુરના પી.આઈ. મછાર, પીએસઆઇ પોલીસ સ્ટાફ ગામના અગ્રણીઓ પ્રિન્સિપાલ સરપંચ સહિત હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં હાજરી આપીને માર્ગદર્શન મેળવેલું હતું.

# દેશના તમામ દિગ્ગજ નેતાઓ સામેની અરજી પર સુનાવણી કરવા સુપ્રીમનો ઈન્કાર

નવીદિલ્હી,

સુપ્રીમકોર્ટે મુખ્ય ચૂંટણીપંચ સહિત તમામ પક્ષોના નેતાઓ પર કોર્ટની અવમાનનાનો આરોપ લગાવતી અરજીને ફગાવી દીધી છે. વાત જાણે એમ છે કે, ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણી ૨૦૨૨ને લઈ અખિલેશ યાદવ, સોનિયા ગાંધી, જેપી નડ્ડા, માયાવતી, અરવિંદ કેજરીવાલ અને મુખ્ય ચૂંટણી પંચ સહિત તમામ પક્ષોના નેતાઓ પર કોર્ટની અવમાનનાનો આરોપ લગાવતી અરજી દાખલ કરવામાં આવી હતી. જોકે હવે તે અરજી ફગાવી દેતાં સુપ્રીમ કોર્ટે કહ્યું કે, અમે દેશ ચલાવી શકીએ નહીં.

સુપ્રીમ કોર્ટે ૨૦૨૨ની ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણીમાં ગુનાહિત ઈતિહાસ ધરાવતા ઉમેદવારોની માહિતી સાર્વજનિક ન કરવા બદલ અનેક નેતાઓ વિરુદ્ધ દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી કરવાનો ઈન્કાર કરી દીધો છે. યુપી વિધાનસભા ચૂંટણીના મામલે અખિલેશ યાદવ, સોનિયા ગાંધી, જેપી નડ્ડા, માયાવતી, અરવિંદ કેજરીવાલ અને મુખ્ય ચૂંટણી પંચ સહિત તમામ પક્ષોના નેતાઓ પર કોર્ટની અવમાનના. કોર્ટની અવમાનનાનો આરોપ લગાવતી અરજી દાખલ કરવામાં આવી હતી. અરજી ફગાવી દેતા સુપ્રીમ કોર્ટે કહ્યું કે, અમે દેશ ન ચલાવી શકીએ.

આ સાથે સુપ્રીમ કોર્ટે ચૂંટણીમાં મતદારોને રીઝવવા માટે રાજકીય પક્ષોના મફત વચનોના વરસાદ પર તમામ પક્ષોને ખૂબ સુનાવણી આપી. મુખ્ય ન્યાયાધીશ એન.વી. રમનાની અધ્યક્ષતાવાળી બેંચે કહ્યું કે, કોઈપણ પક્ષ તેને રોકવા માંગતો નથી કારણ કે, દરેક આમ કરવા માંગે છે. કોર્ટે આ મુદ્દે ભારતના ચૂંટણી પંચ અને કેન્દ્ર સરકારને ઘેરી લીધી હતી. ખંડપીઠે કહ્યું કે, છેલ્લા ઘણા વર્ષોથી આ અંગે કોઈ ઈચ્છાશક્તિ નથી બતાવી રહ્યું.

ચીફ જસ્ટિસ રમના, જસ્ટિસ કૃષ્ણ મુરારી, જસ્ટિસ હેમા કોહલીની ખંડપીઠે કહ્યું કે, અમે આને માત્ર ચૂંટણીના સંદર્ભમાં જ જોઈ રહ્યા નથી, પરંતુ દેશની આર્થિક સ્થિતિ પર તેની અસરને પણ જોઈ રહ્યા છીએ. સંસદે આ મુદ્દે ચર્ચા કરવી જોઈએ તેવી સલાહ પર કોર્ટે કહ્યું, 'શું તમને લાગે છે કે સંસદ પણ આ અંગે ચર્ચા કરશે ? કયો રાજકીય પક્ષ મફત વચનો પર ચર્ચા કરવા માંગે છે ? તેના પર કોઈપણ પક્ષ આવું કરવા માંગતો નથી.

# મહિલા ઉપર દુષ્કૃત્ય થતા અભયમ ૧૮૧મહિલા હેલ્પ લાઈન દાહોદ મદદે

દાહોદ,

દાહોદ જિલ્લાના બારીઆ તાલુકાનાં નજીકના ગામમાંથી પીડિત મહિલાનો કોલ આવતાં તેમને જણાવેલ કે તેમના ગામનાં વ્યકિતએ ઘરે આવી તેમની સાથે જબરજસ્તીથી દુષ્કર્મ આચર્યું.

૧૮૧ મહિલા હેલપલાઈન ટીમ દાહોદ ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી પીડિતા સાથે વાતચીત કરતાં તેમને જણાવેલ કે, તેઓ તેમનાં કાકા કાકી સાથે પિયરમાં રહે છે. તેમની ૧૫ દિવસ પહેલાજ પ્રસૂતિ થઈ છે. તેમનાં કાકા-કાકી કામકાજ કરવા ખેતરમાં ગયા હતા. તે સમય દરમિયાન તેઓ ઘરે એકલા હતા. તેમનાં ગામમાં રહેતો યુવક લગભગ ૧૧ વાગ્યાના સમયે તેમનાં ઘરે આવી કાકા-કાકી વિશે પુછતાં તેને જણાવેલ કે, તેઓ ખેતરમાં ગયેલ છે. પીડિતાને એકલાં ઘરે દેખી યુંવકની દાનત બગડી હતી. જેઓ પીડિતાસાથે મરજી વિરૂદ્ધ જબરજસ્તી થી તેનું મો કપડાંથી બાંધી દીધું અને એની સાથે દુષ્કર્મ આચર્યું હતું. પીડિતાની ૧૫ દિવસ પહેલા પ્રસૂતિ થયેલ હોવાથી તેની હાલત નાજુક હતી. પીડીતાએ આ વાતની જાણ તેમનાં કાકાને જાણ કરતાં તેઓએ ગામના વડીલોને ઘટનાની જાણ કરતાં તેઓએ ૧૮૧ મહિલા હેલ્પલાઈન પર કોલ કરી મદદ માંગી. ગભરાયેલ યુવતીને અભયમ ટીમે આશ્વાસન આપેલ અને આવી પરિસ્થિતિમાં પરિવારને હોસ્પીટલમાં સારવાર લેવા જણાવેલ. દુષ્કૃત્ય આચરનાર યુવક પરણિત અને ૩ બાળકોનો પિતા હતો, છતાં પણ તેણે યુવતીની નાજુક હાલતમાં આવું કૃત્ય કર્યું.

ગુનાની ગંભીરતા જોતા યુવકને તેના આવા દુષ્કર્મ કરવા માટે યોગ્ય સજા મળી રહે તે માટે બારીઆ પોલિસ સ્ટેશનમાં ફરિયાદ આપવામા આવેલ છે. આગળની તપાસ પોલીસ કાર્યવાહી હાથ ધરાઈ છે.

# મહીસાગર જિલ્લાના પેરા લીગલ વોલ્યન્ટીયર્સનાઓની ભરતી કરાશે

લુણાવાડા,

ગુજરાત રાજય કાનુની સેવા સત્તા મંડળ,અમદાવાદના નિર્દેશાનુસાર તથા નામદાર નાલ્સાના પી.એલ.વી.સ્કીમ અન્વયે જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, મહીસાગર-લુણાવાડા દ્વારા મહીસાગર જિલ્લાના તમામ તાલુકાઓમાં કાનુની સેવા કેન્દ્રોની સ્થાપના માટે તેમજ કાનુની સેવા કાર્યક્રમોના આયોજન માટે તેમજ કાનુની જાગૃતિના પ્રચારના હેતુ માટે પેરા લીગલ વોલ્ટન્ટીયર્સ (પી.એલ.વી.)ની નિયુકિત કરવાની હોય ઈચ્છુક ઉમેદવારે તા.૨૬/૮/૨૦૨૨ સુધીમાં લેખિત અરજી રજુ કરવાની રહેશે. અરજીનો નમુનો તથા લાયકાત, વયમર્યાદા, માનદ વેતન વિગેરેની વિગતો https://www.facebook.com/dlsa.mahisagarlunawada ઉપરથી મળી શકશે. વધુ માહિતી માટે ટેલીફોન નં.૦૨૬૭૪-૨૫૧૧૯૯ ઉપર સંપર્ક કરવાનો રહેશે. તેમ જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, મહીસાગર-લુણાવાડાની અખબારી યાદીમાં જણાવેલ છે.

# આપની આજ.......

મેષ : આજે તમે અશક્ય કાર્યોને પણ શક્ય બનાવવાનો પ્રયાસ કરશો. વેપારીઓને આજે લાભ મેળવવા માટે વધુ મહેનત કરવી પડશે. પરિવારના કોઈ સભ્યની બીમારી પર ખર્ચ થઈ શકે છે.

વૃષભ : આજે તમે તમારા કાર્યમાં વ્યસ્ત રહેશો અને કોઈ પણ વિરોધીની ટીકા અને અવરોધ તરફ ધ્યાન ન આપીને તમારું કાર્ય ચાલુ રાખશો. નોકરી કરતા લોકો માટે પગારમાં વધારો થઈ શકે છે.

મિથુન : ક્ષેત્રમાં અધિકારીઓ સાથે સારો જોડાણ થશે, જેને પ્રોત્સાહન મળવાની સંભાવના છે. લેખકો અને કલાને લગતા નામાંકિતોને પ્રતિભા પ્રદર્શિત કરવાની તકો મળશે. સાંજે બાળકની બાજુથી અચાનક સારા સમાચાર મળશે.

કર્ક : આજનો દિવસ તમારા માટે પ્રતિકૂળ રહેશે. આજે કાર્યમાં નિષ્ફળતાના કારણે મન નિરાશાથી ભરેલું રહેશે, જેના કારણે આજે તમારામાં ક્રોધની માત્રા પણ વધુ રહેશે. ક્ષેત્રમાં પદ અને સત્તાની મહત્વાકાંક્ષા વિરોધાભાસને જન્મ આપશે.

સિંહ : આજે મન પ્રસન્ન રહેશે અને ધર્મ અને આધ્યાત્મિકતામાં તમારી શ્રદ્ધા વધશે. વેપાર અને વ્યવસાય આજે સામાન્ય કરતાં વધુ સારી રીતે આગળ વધશે, પરંતુ આર્થિક બાબતોમાં ઝડપથી કોઈ પર વિશ્વાસ ન કરો.

કન્યા : આજનો દિવસ તમારા માટે આનંદકારક રહેશે. તમે દિવસભર રમૂજ અને મનોરંજનના મૂડમાં રહેશો અને તમારા જુસ્સાને પરિપૂર્ણ કરવા માટે જરૂરી કાર્યોને પણ અવગણી શકો છો.

તુલા : તમારા માટે આજનો દિવસ શુભ રહેશે. ધંધા અને ધંધામાં અપેક્ષિત સફળતાથી તમે સંતુષ્ટ થશો પરંતુ બેસો નહીં અને લાભ મેળવવાની આશા રાખો. ક્રોધ પર નિયંત્રણ રાખો. મિત્રો સાથે લાંબી મુસાફરી પર જવા માટે યોજના બનાવી શકાય છે.

વૃશ્ચિક : આજ દિવસે વધારે ગુસ્સો થવાને કારણે પરિવાર સાથે કોઈ બાબતે વિવાદ થવાની સંભાવના છે. પૈસામાં વધારો થશે, પરંતુ વધારે ખર્ચને કારણે આર્થિક સ્થિતિ નબળી પડી શકે છે.

ધનુ : કાર્યક્ષેત્રમાં તમારા કામ પર ધ્યાન કેન્દ્રિત કરો, નહીં તો વરિષ્ઠ અધિકારીઓ સાથે અણબનાવ થઈ શકે છે. દિવસના ઉત્તરાર્ધમાં અચાનક મહેમાનોનું આગમન, ખર્ચનો ભાર વધારે છે. પરિવાર સાથે બેસીને સમસ્યાનો સમાધાન શોધવામાં ફાયદો થશે.

મકર : આજે તમે મૂંઝવણની સ્થિતિમાં રહેશો. અનિશ્ચિત સ્થિતિમાં રહીને તમારા હાથમાંથી નફોની તકો નીકળી શકે છે, પરંતુ આજે તમે તમારા સંતોષપૂર્ણ સ્વભાવને લીધે ઉદાસ નહીં રહો.

કુંભ : આજે તમારા માટે અનુકૂળ રહીને તમે શારીરિક અને માનસિક સુખનો અનુભવ કરશો. બાળકોને લગતી સમસ્યાઓના નિવારણમાં બપોર પસાર કરવામાં આવશે. કોઈપણ સ્પર્ધામાં હરીફ વિદ્યાર્થીઓ જીતી શકે છે.

મીન : આજનો દિવસ તમારા માટે લાભ લાવશે પરંતુ તમારે કોઈ ચોક્કસ કાર્યની રાહ જોવી પડશે. તે પછી જ આપણે કાર્યના સફળ વિસ્તરણની યોજના કરી શકીશું. રોકાણ કરવામાં અચકાશો નહીં, તમને મૂડી રોકાણો માટે અનુકૂળ પરિણામ મળશે. આનંદ અને ઘરગથ્થુ વસ્તુઓનો ઉપયોગ ખરીદી શકાય છે.

# દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની ગતિવિધિમાં વધારો થવાને કારણે ઘણા રાજ્યોમાં ફરી ભારે વરસાદ હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ, હરિયાણા, રાજસ્થાન, મધ્યપ્રદેશમાં વરસાદની આગાહી



નવીદિલ્હી,

દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની ગતિવિધિમાં વધારો થવાને કારણે ઘણા રાજ્યોમાં ફરી ભારે વરસાદ શરૂ થયો છે. ભારતીય હવામાન વિભાગ (IMD) એ જણાવ્યું છે કે કેરળ, કર્ણાટક, આંદામાન અને નિકોબાર ટાપુઓના ભાગો, મરાઠવાડાના ભાગો, વિદર્ભના કેટલાક ભાગોમાં હળવાથી મધ્યમ વરસાદ સાથે હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે. મેઘાલય, મણિપુર, ગુજરાત, મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં એક અથવા બે ભારે મંત્રણા સાથે હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે.

હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ, હરિયાણા, રાજસ્થાન, મધ્યપ્રદેશના બાકીના ભાગો, ઉત્તર પ્રદેશના કેટલાક ભાગો, છત્તીસગઢ, ઓડિશા, તટીય આંધ્રપ્રદેશ, તેલંગાણા, તમિલનાડુ, રાયલસીમા, મધ્ય મહારાષ્ટ્ર અને કોંકણ અને ગોવામાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. . જ્યારે જમ્મુ અને કાશ્મીર, દિલ્હી, બિહાર, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, ઉત્તરપૂર્વ ભારતના બાકીના ભાગો, દરિયાકાંઠાના ઓડિશા અને સૌરાષ્ટ્ર અને કચ્છમાં હળવા વરસાદની શક્યતા છે.

ગુજરાતમાં આગામી પાંચ દિવસ વરસાદની આગાહી કરવામાં આવી છે. જેમાં આજથી રાજ્યમાં વરસાદનું જોર વધવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. સાથે જ ૭ અને ૮ તારીખે અતિભારે વરસાદની આગાહી વ્યક્ત કરાઈ છે. તો સાથે જ આગામી ૨૪ કલાક અમદાવાદમાં ભારે વરસાદ રહેશે આ સાથે જ રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં પણ અતિભારે વરસાદની આગાહી વ્યક્ત કરવામાં આવી છે.

તમિલનાડુના મુખ્ય પ્રધાન એમ કે સ્ટાલિને રાજ્યના કેટલાક જિલ્લાઓમાં ભારે વરસાદને કારણે ઊભી થયેલી પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો અને જિલ્લા કલેક્ટરને આદેશ આપ્યો હતો કે તેઓ રહેવાસીઓને અગાઉથી જાણ કર્યા વિના ડેમમાંથી પાણી ન છોડે. ચોમાસાના વરસાદને કારણે વિવિધ નદીઓમાં પૂરના પાણી વધી જતાં મધ્ય અને ઉત્તર કેરળ જિલ્લાના હજારો રહેવાસીઓનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. પાણીના સ્તરને નિયંત્રિત કરવા માટે ડેમના શટર ખોલવા પડે છે. કેરળ સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીએ જણાવ્યું કે ૩૧ જુલાઈથી રાજ્યમાં ભારે વરસાદ અને પૂરમાં ઓછામાં ઓછા ૧૯ લોકોના મોત થયા છે. દિલ્હીના કેટલાક ભાગોમાં વરસાદ પડ્યો હતો, જેણે ગરમ અને ભેજવાળા હવામાનમાંથી થોડી રાહત આપી હતી. ભારતીય હવામાન વિભાગ અનુસાર આગામી બે દિવસ આકાશમાં મધ્યમ વાદળછાયું રહેવાની શક્યતા છે.

હવામાન વિભાગે ગુરુવારે ઓછા દબાણવાળા વિસ્તારની સંભાવનાને કારણે ઓડિશામાં આગામી કેટલાક દિવસો સુધી ભારેથી અતિ ભારે વરસાદની ચેતવણી આપી છે. ભુવનેશ્વર હવામાન કેન્દ્રે જણાવ્યું કે ચોમાસું ધીરે ધીરે મજબૂત થવાને કારણે અને ઓછા દબાણનો વિસ્તાર હોવાને કારણે વરસાદની ગતિવિધિઓ વધવાની ધારણા છે. તેણે જણાવ્યું હતું કે રવિવારની આસપાસ ઉત્તર-પશ્ચિમ અને પશ્ચિમ-મધ્ય બંગાળની ખાડી પર હવામાન સિસ્ટમ રચાય તેવી શક્યતા છે. માછીમારોને રવિવારથી પશ્ચિમ-મધ્ય બંગાળની ખાડીના ઊંડા સમુદ્રના વિસ્તારોમાં ન જવાની સલાહ આપવામાં આવી છે હવામાન વિભાગેમલકાનગિરી, કોરાપુટ, નબરંગપુર, રાયગડા, કાલાહાંડી, ગજપતિ અને ગંજમ જિલ્લાના કેટલાક ભાગોમાં ૭૦-૧૧૦ મીમી ભારે વરસાદની પીળી ચેતવણી જારી કરી હતી.

સ્કાયમેટ વેધર અનુસાર, ચોમાસાનો પ્રવાહ હવે ઉત્તર-પૂર્વ તરફ ગંગાનગર, હિસાર, અલીગઢ, હરદોઈ, વારાણસી, જમશેદપુર, બાલાસોર અને પછી બંગાળની ખાડી તરફ પૂર્વ-દક્ષિણપૂર્વ તરફ આગળ વધી રહ્યો છે. વિન્ડસિયર જ્હોનનો વિસ્તાર દક્ષિણ દ્વીપકલ્પના ભારતના ઉત્તરમાં લગભગ ૧૧ ડિગ્રી છે, જે સમુદ્ર સપાટીથી ૩.૧ વધુ કિમી છે. ચક્રવાતનું પરિભ્રમણ દક્ષિણપશ્ચિમ બંગાળની ખાડી અને પશ્ચિમ મધ્ય અને દક્ષિણ આંધ્ર પ્રદેશને અડીને આવેલા ઉત્તર તમિલનાડુ કિનારે ૩.૧ સરેરાશ દરિયાની સપાટી સુધી વિસ્તરી રહ્યું છે. મધ્ય ઉત્તર પ્રદેશના દક્ષિણ ભાગોમાં સાયક્લોનિક સર્ક્યુલેશન ચાલુ છે.

# દાહોદના પ્રભારી મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીની અધ્યક્ષતામાં જિલ્લા આયોજન મંડળની બેઠક યોજાઈ

- જિલ્લામાં ૧૧૦૯ વિકાસ કાર્યો માટે રૂ.૧૧૦૦ લાખના વિકાસ કાર્યોનું આયોજન.
- ન્યુ ગુજરાત પેટર્નના આયોજન અંતર્ગત ૨૩૨૭ વિકાસ કાર્યોનું આયોજન.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

મહેસુલ મંત્રી અને દાહોદ જિલ્લાના પ્રભારી મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી આજે જિલ્લા આયોજન મંડળના અધ્યક્ષ તરીકે જિલ્લા સેવા સદન ખાતે બેઠક યોજી હતી. પ્રભારી મંત્રીની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં જિલ્લામાં વર્ષ ૨૦૨૨-૨૩ માટેના વિકાસ કાર્યોનું આયોજન કરાયું હતું. જેમાં જિલ્લામાં ૧૧૦૯ વિકાસ કાર્યો માટે રૂ. ૧૧૦૦ લાખનું આયોજન કરાયું છે. તદ્દઉપરાંત પ્રભારી મંત્રીની અધ્યક્ષતામાં દાહોદ જિલ્લા આદિજાતિ વિકાસ મંડળની બેઠક પણ યોજાઇ હતી.

જિલ્લાના પ્રભારી મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીએ જણાવ્યું કે, જિલ્લામાં જે વિકાસ કાર્યો પૂર્ણ કરાયા છે. તે અભિનંદન પાત્ર છે. પરંતુ જે વિકાસ કાર્યો હાલમાં પ્રગતિ હેઠળ છે તેમને ઝડપથી આટોપવા જોઇએ અને બનતી ત્વરાએ નાગરિકોને વિકાસ કાર્યોનો લાભ મળવો જોઇએ એમ તેમણે ઉપસ્થિત અધિકારીઓને સૂચન કર્યું હતું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના સામાન્ય માનવીના વ્યાપક હિતને ધ્યાને રાખીને મહેસૂલી નિયમોમાં નીતિવિષયક મહત્વપૂર્ણ સુધારા કર્યા છે. તે બાબતે પણ જણાવ્યું હતું. ખેડૂત ખાતેદારના મૃત્યુ બાદ વારસાઈ વખતે દીકરીનાં સંતાનોને પણ જંત્રીના ૪.૯૦ ટકાની સ્ટેમ્પ ડ્યુટીના બદલે ફક્ત ૩૦૦ રૂપિયાની સ્ટેમ્પ ડ્યુટી ભરવાની રહેશે, તેવો નીતિવિષયક નિર્ણય મુખ્યમંત્રીએ કર્યો છે. તે બાબતે તેમણે જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું કે, નવી શરતની/સાંથણીની/ગણોત ધારા હેઠળ પિતા-માતાને મળેલી અથવા વારસાઈ હક્કથી ધારણ કરેલી જમીન કે જેમાં માત્ર મોટાભાઈનું નામ ચાલતું હોય તેમનું અવસાન થવાના સંજોગોમાં મહેસૂલી રેકર્ડમાં કાયદેસરની કાર્યવાહી કરીને બાકી રહેતા ભાઈ/બહેનોનાં નામો પણ મહેસૂલી રેકર્ડમાં દાખલ કરવાનો ખેડૂતલક્ષી નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે. પારિવારિક વિવાદ કે અસમંજસતા આના પરિણામે દૂર થશે તેમ તેમણે ઉમેર્યું હતું.

બેઠકમાં જિલ્લા આયોજન અધિકારી એસ.જે. પંડયાએ એક પ્રેઝન્ટેશનના માદયમથી વર્ષ ૨૦૨૨-૨૩ ના આયોજન વિશે માહિતી આપી હતી. જેમાં ૧૫ ટકા વિવેકાધીન સામાન્ય અંતર્ગત જિલ્લામાં કુલ ૮૩૦ કામોનું રૂ. ૮૧૫.૫૦ લાખના ખર્ચે આયોજન કરાયું છે. જયારે ટીએસપી જોગવાઇ હેઠળ ૨૩૯ કામોનું રૂ. ૨૩૫ લાખના ખર્ચે આયોજન કરાયું છે. તેમજ ખાસ અંગભૂત જોગવાઇ હેઠળ ૨૯ વિકાસ કાર્યોનું રૂ. ૨૭ લાખના ખર્ચે આયોજન કરાયું છે. ઉપરાંત ૫ ટકા પ્રોત્સાહક જોગવાઇ મુજબ ૧૧ વિકાસ કાર્યોનું રૂ. ૨૨.૫૦ લાખના ખર્ચે આયોજન કરાયું છે.

પ્રભારી મંત્રી ત્રિવેદીની અધ્યક્ષતામાં વર્ષ ૨૦૨૨-૨૩ ના વર્ષમાં ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ મળેલ જોગવાઇ મુજબનાં આગોતરા આયોજનની મંજૂરી માટેની જિલ્લા આદિજાતિ વિકાસ મંડળની બેઠક મળી હતી. પ્રભારી મંત્રીએ પ્રધાનમંત્રીએ આ યોજનાનો આરંભ છેવાડાના માનવી સુધી વિકાસ કાર્યોનો લાભ પહોંચે તે હોવાનું જણાવી, રાજ્ય સરકાર મુખ્યમંત્રીના માર્ગદર્શનમાં આ માટે ભગીરથ પ્રયાસો કરી રહી છે અને રૂ. ૬૦ કરોડનું માતબર ફંડ પણ આ યોજના માટે ફાળવાયું હોવાનું જણાવ્યું હતું.

જિલ્લા આદિજાતિ વિકાસ મંડળની બેઠકમાં તાલુકાને મળવાપાત્ર જોગવાઇ રૂ. ૫૯૩૭.૦૨ લાખના સામે ૨૩૨૭ વિકાસ કાર્યો માટેનું આયોજન કરાયું હતું. જેમાં પાક અને કૃષિ વ્યવસ્થા, બાગાયાત, પશુપાલન, ડેરી વિકાસ, વન નિર્માણ, સહકાર, સામાન્ય શિક્ષણ, રસ્તા અને પુલો, મધ્યાહન ભોજન, પોષણ સહિતના સદર અંતર્ગત આ વિકાસ કાર્યોનું આયોજન કરાયું છે.

બેઠકમાં પૂર્વ મંત્રી અને ધારાસભ્ય બચુભાઇ ખાબડ, જિલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલા, ધારાસભ્ય સર્વે વજેસિંગભાઇ પણદા, ચંદ્રિકાબેન બારીયા, ભાવેશભાઇ કટારા, શૈલેષભાઇ ભાભોર સહિતના પદાધિકારીઓ, જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારી, એએસપી વિજયસિંહ ગુર્જર, નિવાસી અધિક કલેકટર એ.બી. પાંડોર સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

## ગરબાડા તાલુકાના ભે ગામમાં કુવામાં ત્યજી દેવાયેલ બાળકીનું ઝાયડસ હોસ્પિટલ ખાતે સારવાર દરમિયાન કરૂણ મોત


તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

હાલ બાળકીનું પીએમ કર્યા બાદ તેની અંતિમવિધિ આરોગ્ય વિભાગ કરશે કે પોલીસ વિભાગ કરશે કે પછી તેની માતાને સોંપવામાં આવશે તે નક્કી કરવામાં આવશે. હાલમાં તારીખ પાંચમીના રોજ મળતી વિગતો અનુસાર જે છોકરીને ડીલેવરી આવી છે. તે છોકરી પગેથી અપંગ છે અને ચાલી પણ શકિત નથી. તેવામાં આવી વ્યકિત સાથે આ રીતની કરૂણ ઘટના બનતા અનેક પ્રશ્નો એ જન્મ લીધા છે. જો કે, આ બાબતની પોલીસ દ્વારા સઘન તપાસ ચાલી રહી છે અને ટૂંકા ગાળામાં સમગ્ર હકીકત સામે આવશે તેમ લાગી રહ્યું છે.

ગરબાડા,

ગરબાડા તાલુકાના ભે ગામના ગાળા ફળીયામા રહેતા જોખલાભાઇ કશનાભાઇ હઠીલાના પાણી વગરના ૪૦ ફૂટ ઊંડા કુવામાં તારીખ ત્રણના રાત્રીના સમયે કોઇ અજાણી વ્યકિત (સ્ત્રી) એ તાજી જન્મેલી નવજાત બાળકીને મરી જાય તે આશયથી પોતાનું પાપ છુપાવવા માટે પાણી વગરના આશરે ૪૦ ફુટ ઉંડા કુવામા મરવા માટે ત્યજી દીધી હતી. જોકે, વહેલી સવારે આ ઘટનાની જાણ થતા કુવાના માલિક દ્વારા આ ઘટના સંદર્ભે ગામના સરપંચને જાણ કર્યા બાદ ગરબાડા પોલીસને જાણ કરવામાં આવી હતી. ઘટના સંદર્ભે તપાસ કરતા આ અવાવરૂ કુવામાં ત્યજી દેવાયેલ બાળકી જીવતી મળી આવતા તેને તાત્કાલિક અસરથી દાહોદ ઝાયડસ હોસ્પિટલમાં મોકલી આપવામાં આવી હતી. તેમજ ઘટના સંદર્ભે કુવાના માલિકની ફરિયાદના આધારે કાયદેસરની કાર્યવાહી કરી વધુ તપાસના ચક્રોગતિમાન કરતા કુવા માંથી મળી આવેલ બાળકી કુવાના માલિકની છોકરીની છોકરી હોવાનું બહાર આવ્યું છે અને તે છોકરી મધ્યપ્રદેશ ખાતે રહે છે અને હાલમાં થોડા સમય પહેલા જ અહીંયા તેના મામાના ત્યાં આવી હતી અને ત્યાં જ આ ઘટના બની હતી. હાલ પોલીસ દ્વારા આ છોકરી નું મેડિકલ કરાતા તેને ડીલેવરી આવી હોવાનું પણ જાણવા મળી રહ્યું છે પરંતુ આ બાળકી તેની જ છે. તે બાબત હાલ કન્ફર્મ થઈ નથી. જોકે, આ બાબતની હાલ તપાસ ચાલી રહી છે. બંનેના ડીએનએ ટેસ્ટ કર્યા બાદ સાચી હકીકત સામે આવશે તેમ છે. તો બીજી તરફ ત્યજી દીધેલ બાળકી મળી આવતા તેને દાહોદ ઝાયડસ હોસ્પિટલ ખાતે એન.આઇ.સી.યુંમાં ડોકટરોની દેખરેખમાં મૂકવામાં આવી હતી. જ્યાં તારીખ પાંચમી ના બપોર બાદ તેનું કરૂણ મોત થયું હતું. જોકે, આ બાળકી જીવતી તો બાળકીને યોગ્ય કુટુંબમાં દતક આપવાની વાત પણ હતી.

## દાહોદ પાલિકા શાકમાર્કેટમાં સીંગલ યુઝ પ્લાસ્ટીક ઉપયોગ કરતાં ૩ વેપારીઓને દંડ કરાયો


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ શહેરમાં એક્શનમાં આવેલ પાલિકા તંત્ર દ્વારા શહેરમાં આવેલ શાક માર્કેટ ખાતે આજરોજ ધામા નાખ્યાં હતા અને સીંગલ યુથ પ્લાસ્ટીકનો ઉપયોગ કરતાં વેપારીઓ સામે લાલ આંખ કરી ત્રણ વેપારીઓ પાસેથી કુલ રૂા. ૪૫૦૦ની દંડની રકમની વસુલાત કરી હતી.

પર્યાવરણની ગમ દ્વારા થોડા સમય પહેલા પ્લાસ્ટીકના ઉપયોગ પર સમગ્ર ભારત દેશમાં પ્રતિબંધ જાહેર કર્યો છે. તેમાંય ખાસ કરીને સિંગલ યુથ પ્લાસ્ટીકના વપરાશ પર પ્રતિબંધ ફરમાવી દીધો છે. ત્યારે દાહોદ શહેરમાં સીંગલ યુથ એટલે કે, ૨૦ માઈક્રોથી નાની પ્લાસ્ટીકનો ઉપયોગ કરતાં વેપારીઓ સામે અગાઉ પણ દાહોદ શહેર પાલિકા દ્વારા દંડનીય કાર્યવાહી કરી હતી. ત્યારે આજરોજ ફરીવાર દાહોદ નગરપાલિકાની ટીમ હરહંમેશની માફક શાક માર્કેટ ખાતે પહોંચી હતી અને જ્યાં શાકભાજીનું વેચાણ કરતાં ત્રણ વેપારીઓ જેઓ સીંગલ યુઝ પ્લાસ્ટીકનો ઉપયોગ કરતાં હોવાનું સ્થળ પર જણાતાં સ્થળ પરજ ત્રણેય વેપારીઓ સામે દંડનીય કાર્યવાહી કરી તેઓની પાસેથી કુલ રૂા. ૪,૫૦૦ની દંડની રકમ વસુલ કરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, દાહોદ શહેર પાલિકાની કામગીરી સારી છે, પરંતુ શાક માર્કેટ સિવાય દાહોદ શહેરમાં ઠેર ઠેર સીંગલ યુથ પ્લાસ્ટીકનો ખુબજ ઉપયોગ પ્રતિબંધ છતાંય કરવામાં આવી રહ્યો છે. જે બાબતે સૌ કોઈથી છુપી નથી. ત્યારે પાલિકા તંત્ર માત્ર જાણે શાક માર્કેટને જ ટાર્ગેટ કરી દંડનીય કાર્યવાહી કરતી હોય તેમ લાગી રહ્યું છે. હાલ પણ દાહોદ શહેરમાં ઘણી દુકાનોમાં સીંગલ યુઝ પ્લાસ્ટીકનો બેફામ ઉપયોગ થઈ રહ્યો છે. હાલ પણ પ્લાસ્ટીકના ચ્હાના કપ બજારોમાં જોવા મળી રહ્યાં છે. સીંગલ યુઝ પ્લાસ્ટીકના પગલે દાહોદ શહેરમાં જ્યાં જુઓ ત્યાં કચરો અને ગંદકી જોવા મળી રહી છે અને આ કચરામાં અબોલા પશુઓ અને જેમાંય ખાસ કરીને ગૌવંશ જેવા પશુઓ આ પ્લાસ્ટીકને આરોગી પોતાના જીવને જોખમમાં મુકી રહ્યાં છે. ત્યારે માત્ર શાક માર્કેટને ટાર્ગેટ ન કરી શહેરમાં આવેલ અન્ય દુકાનો, વેપારીઓ અને અન્ય સ્થળોએ પણ દાહોદ શહેર પાલિકા ધામા નાંખે તો સીંગલ યુઝ પ્લાસ્ટીકનો જથ્થો મોટા પ્રમાણમાં મળી તેવી પ્રબળ શક્યતાઓ પણ વ્યક્ત કરવામાં આવી રહી છે.

## દાહોદ જીલ્લા પશુપાલન વિભાગ લમ્પી વાયરસને લઈ સતર્ક : કંટ્રોલ રૂમ શરૂ કરાયો

દાહોદ,

દાહોદ જિલ્લામાં આજ સુધી લમ્પી વાઈરસનો એકપણ કેસ નોંધાયો નથી. જિલ્લા પશુપાલન વિભાગ લમ્પી વાઈરસના સંક્રમણને ફેલાતું અટકાવવા સતર્ક છે. આ માટે પશુપાલન વિભાગ દ્વારા કંટ્રોલ રૂમ નિઃશુલ્ક ટોલ ફ્રી નંબર ૧૯૬૨ જાહેર કરવામાં આવ્યો છે. ત્યારે દાહોદ તાલુકાના નવાગામમાં એક સાથે ૭ ગાયોને લમ્પી વાયરસનો ચેપ લાગ્યો હોવાનુ સત્તાવાર રીતે જાણવા મળ્યુ છે.

એક જ ગામમાં ૭ ગાયોને લમ્પીનો ચેપ લાગ્યો. નાયબ પશુપાલક નિયામક ડો. કે.એલ. ગોસાઈએ આ અંગે માહિતી આપતા જણાવ્યું કે, દાહોદ તાલુકાના નવાગામમા ૭ પશુઓમા લમ્પી વાયરસ હોવાની પુષ્ટિ થઈ છે. જેથી તાત્કાલિક પશુપાલન વિભાગની ટીમે સ્થળ પર જઈ સારવાર શરુ કરી દીધી છે. કુલ નવ તાલુકાઓમાં નવ ટીમો બનાવીને સર્વે, અટકાયતી પગલાં તેમજ રોગ અંગે જાગ્રુતિ ફેલાવવામાં આવી રહી છે. તેમણે જણાવ્યું કે, પશુ પાલકો પણ પશુપાલન વિભાગ દ્વારા અપાતી સુચનાઓને ગંભીરતાથી લે અને મચ્છર, ઈતરડી, માખીઓનો ઉપદ્રવ અટકાવવા જંતુનાશક દવાઓનો છંટકાવ કરે. ખાસ કરીને લમ્પી સ્કીન ડીસીસના લક્ષણો જાણીએ અને પશુને સુરક્ષિત રાખવાની કાળજી લઈએ તેમ તેમણે ઉમેર્યું હતું.

દાહોદ તાલુકાના નવાગામમા ભરતભાઈ બામણીયાના ૨, યોગેશ ભાઈ નલવાયાના ૨, કસના ભાઈ ચૌહાણ, માનાભાઈ બામણીયા અને કનુભાઈ રાઠોડના એક એક મળી કુલ ૭ ગાયો લમ્પી વાયરસનો ભોગ બની છે.

લમ્પી સ્કીન ડીસીસના મુખ્ય લક્ષણોમાં પશુઓના સંપૂર્ણ શરીર પર ગાંઠ જેવા નરમ ફોલ્લા પડવા, સામાન્ય તાવ આવવો, મોઢામાંથી લાળ પડવી, દુધ ઉત્પાદન ઘટી જવું, પશુનું ખાવાનું બંધ કરી દેવુ અથવા ખાવામાં તકલીફ પડે, ગાભણ પશુ તરવાઇ જાય અને ક્યારેક પશુ મૃત્યુ પામે છે.

દવા છાંટવી, પશુને બાંધી રાખવુ, ઉકરડા ગંદકીથી દુર રાખવા. પશુઓને આ રોગથી સુરક્ષિત રાખવા આ કાળજી લેવી જોઈએ. પશુઓને ગંદકી ઉકરડા થી દુર રાખવા, જંતુનાશક દવાઓનો છંટકાવ કરવો. જેથી માખી, મચ્છર અને ઈતરડીથી રાહત મળે જ્યારે પશુઓમાં લમ્પી વાઈરસના લક્ષણ જણાય તો સૌપ્રથમ સ્વસ્થ પશુઓથી અલગ કરવું અને ચરવા માટે છુટું મુકવું નહીં તેમજ નજીકના પશુદવાખાના અથવા હેલ્પ લાઈન નંબર ૧૯૬૨ નો સંપર્ક કરવો. રોગગ્રસ્ત પશુઓનું સ્થળાતંરણ સંમ્પૂર્ણ બંધ કરવું, અન્ય જિલ્લાઓમાંથી પશુની હેરફેર ન કરવી. તેમજ વરસાદી પાણીનો ભરાવો ન થાય તેની કાળજી રાખવી.


દાહોદ જિલ્લામાં આગામી તા.૧૩ થી તા.૧૫ ઓગસ્ટ દરમિયાન હર ઘર ત્રિરંગા કાર્યક્રમ યોજાનાર છે. ત્યારે નાગરિકોની સાથે સાથે નાના ભૂલકાઓમાં પણ દેશભકિતનો સંચાર જોવા મળી રહ્યો છે. જિલ્લાની શાળાઓમાં સ્લોગન કોમ્પીટિશન, શૌર્ય ગાન સ્પર્ધા, ચિત્રસ્પર્ધા યોજાઈ રહી છે. શાળાના નાના ભૂલકાઓમાં પોતાના ઘરે ત્રિરંગો લહેરાવવાનો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. અહીંની શાળાના વિદ્યાર્થીઓએ માનવ આકૃતિ રચી દેશભકિત દર્શાવી હતી.

## જી.પી. ધાનકા માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળા દાહોદ ખાતે શાળા કક્ષાની કલા ઉત્સવની સ્પર્ધાઓ યોજાઈ



દાહોદ,

તા.૦૨/૦૮/૨૦૨૨

જીપીધાનકા માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળા દાહોદ ખાતે વિવિધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના ૩૦જેટલા સ્પર્ધા કોઈ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ નિર્ણાયક અને નિષ્ણાંત તરીકે શાળાના શિક્ષક બી.એમ. પટેલ, જી.બી.કટારા, એમ.કે. બામણ, બી.બી. ગઢવી અને ડી.એન. બારીઆ દ્વારા તટસ્થ રહીને નિર્ણાયક તરીકેની ભૂમિકા ભજવી હતી અને સ્પર્ધા કોને તેમના સ્પર્ધાના કૌશલ્યોને ધ્યાનમાં રાખીને પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર આપીને અભિનંદન પાઠવ્યા હતા. આ કાર્યક્રમમાં શાળાના આચાર્ય અરવિંદભાઈ હાડાના માર્ગદર્શન હેઠળ અને શાળામાં વિજેતા પામેલા સ્પર્ધા કોને પોતાના કૌશલ્યો થકી જીવનમાં ખૂબ જ પ્રગતિ કરે તેવા આશીર્વાદ આપ્યા હતા અને અંતમાં કાર્યક્રમને પૂર્ણ કરવામાં આવ્યો હતો.

## દાહોદ જીલ્લામાં ૪ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા

દાહોદ,

દાહોદ જિલ્લામાં કોરોનાએ ફરી દસ્તક દીધી હોય તેમ લાગી રહ્યું છે. આજે એકજ દિવસમાં ૦૪ કોરોના પોઝીટીવ કેસ સામે આવ્યાં છે. જિલ્લામાં કુલ એક્ટીવ કેસની સંખ્યા ૧૩ને પાર થઈ ગઈ છે.

આજે દાહોદ જિલ્લામાંથી આવેલ કોરોનાના પોઝીટીવ કેસમાં આર.ટી.પી.સી.આર.ના ૧૪૪૯ પૈકી ૦૧ અને રેપીટ ટેસ્ટના ૨૦૯ પૈકી ૦૩ કેસો પોઝીટીવ આવ્યાં છે. આ પૈકી ૦૧ દાહોદ અર્બનમાંથી, ૦૧ ઝાલોદ ગ્રામ્યમાંથી, ૦૧ લીમખેડામાંથી અને ૦૧ ગરબાડામાંથી સામે આવ્યો છે. દાહોદ જિલ્લામાં અત્યાર સુધી કુલ ૧૩ એક્ટીવ કેસની સંખ્યા રહેવા પામી છે. આજે ૦૨ દર્દીઓ કોરોનાથી સાજા થતાં તેઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. દાહોદ જિલ્લામાં કોરોનાનો અત્યાર સુધીનો કુલ આંકડો ૮૫૭૩ને પાર થઈ જવા પામ્યો છે.

## ગરબાડાના વડવા ગામનો ૧૩ ઘરફોડ ચોરીના ગુનાના વોન્ટેડને પોલીસે ઝડપ્યો

દાહોદ,

ઘરફોડ ચોરીના કુલ ૧૩ ગુન્હાઓમાં દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના વડવા ગામનો નાસતા એક આરોપીને દાહોદ એસ.ઓ.જી. પોલીસે વડવા ગામેથી ઝડપી પાડી જેલ ભેગો કર્યાનું જાણવા મળે છે. દાહોદ જિલ્લા પોલીસ વડાના સુચના અને માર્ગદર્શન હેઠળ દાહોદ જિલ્લા પોલીસ દ્વારા વિવિધ ગુન્હાઓમાં નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા દાહોદ જિલ્લા પોલીસ કોમ્બીંગ સહિતની કામગીરી હાથ ધરી રહી હતી. તે સમયે દાહોદ એસ.ઓ.જી. પોલીસને મળેલ બાતમીના આધારે વડવા ગામે રહેતો રાકેશભાઈ છગનભાઈ ભાભોર જે ઘરફોડ ચોરીના કુલ ૧૩ ગુન્હાઓમાં વડવા ગેંગનો હોવાનું અને નાસતો ફરતો હતો. આ આરોપીને પોલીસે વડવા ગામેથી ઝડપી પાડી જેલ ભેગો કર્યો હતો. ઝડપાયેલ આરોપી વિરૂધ્ધ વિસનગર, મહેસાણા, અંજાર ખાતે ગુન્હાઓ નોંધાયેલ છે.

## 'હર ઘર તિરંગા અભિયાન' ભાગરૂપે અગારા (ઉ) કલસ્ટર કક્ષાનો કલા-ઉત્સવ યોજાયો



લીમખેડા,

લીમખેડા તાલુકામાં આવેલ અગારા (ઉ) કક્ષાનો કલા-ઉત્સવ તારીખ ૫-૮-૨૦૨૨ ના રોજ કલસ્ટર કક્ષા એ યોજાયો હતો. જેમાં કલસ્ટરમાં સમાવેશ શાળાઓના બાળકોએ ચિત્રસ્પર્ધા, ગીત-સંગીત સ્પર્ધા, વાદન સંગીત વાદન સ્પર્ધા, કવિ તરીકે કાવ્ય રચાનાની સ્પર્ધા યોજાઈ હતી. જેમાં પરમારના ખાખરીયા પ્રાથમિક શાળાના બાળકો ગીત સંગીત સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, કાવ્ય રચના સ્પર્ધામાં પ્રથમ નંબર અને સંગીત વાદન સ્પર્ધામાં અગારા (ઉ) શાળાના વિદ્યાર્થી પ્રથમ નંબર વિજેતા રહ્યા હતા. પ્રથમ નંબર વિજેતા વિદ્યાર્થીઓને ૩૦૦ રૂપિયા, દ્વિતીય નંબર વિજેતા ને વિદ્યાર્થીઓને ૨૦૦ રૂપિયા અને તૃતીય નંબર વિજેતા વિદ્યાર્થીઓને ૧૦૦ રૂપિયા પ્રોત્સાહન રૂપે ઈનામ અને પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સી.આર.સી. જશુભાઈ બામણીયા બાળકોને પોતાની અંદર રહેલી સુષુપ્ત શકિતઓને બહાર લાવવા માટેની પ્રેરણા પુરી પાડી હતી.

## દેશને આજે ૧૪માં ઉપરાષ્ટ્રપતિ મળશે, સવારે ૧૦ વાગ્યાથી મતદાન જગદીપ ધનખર જીત પાક્કી

નવીદિલ્હી,

દેશના ૧૪માં ઉપરાષ્ટ્રપતિની પસંદગી માટે શનિવારે મતદાન થશે. આ પદ માટે એનડીએના ઉમેદવાર જગદીપ ધનખર અને વિરોધ પક્ષના ઉમેદવાર માર્ગરેટ આલ્વા વચ્ચેનો ચૂંટણી જંગ માત્ર ઔપચારિકતા બની રહેશે. મતદાનથી દૂર રહેવાની તૃણમૂલ કોંગ્રેસની જાહેરાત, શિવસેનામાં વિભાજન અને ચાર વિરોધ પક્ષોની એનડીએના ઉમેદવાર ધનખરને સમર્થન આપવાની જાહેરાતે હરીફાઈને એકતરફી બનાવી દીધી છે.

સંસદ ભવનમાં સવારના ૧૦ વાગ્યાથી સાંજના ૫ વાગ્યા સુધી મતદાન થશે. આ પછી તરત જ મતગણતરી શરૂ કરવામાં આવશે. મોડી સાંજ સુધીમાં પરિણામ જાહેર થશે. વાસ્તવમાં આ ચૂંટણીમાં ભાજપ ધનખરને પોતાના દમ પર ચૂંટણી જીતાડવાની સ્થિતિમાં હતું. પાર્ટીની પાસે લોકસભામાં ૩૦૩ અને રાજ્યસભામાં ૯૧ સભ્યો છે. આ સંખ્યા ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી જીતવા માટે પૂરતી છે. આ દરમિયાન રાષ્ટ્રપતિની ચૂંટણીની જેમ આ ચૂંટણીમાં એનડીએના ઉમેદવારને બીજેપી, વાયએસઆર કોંગ્રેસ, બીએસપી અને ટીડીપીએ સમર્થન આપવાની જાહેરાત કરી હતી. આ પક્ષોના બંને ગૃહોમાં ૬૭ સભ્યો છે. આ સિવાય લોકસભામાં શિવસેનાના ઓછામાં ઓછા ૧૩ સભ્યો ભાજપની સાથે છે. આ હિસાબથી આ ચૂંટણીમાં NDA ઉમેદવારને ૬૫ ટકાથી પણ વધુ વોટ મળશે. આ ચૂંટણીમાં વિપક્ષના ઉમેદવાર માર્ગરેટ આલ્વાના જીતવાની શક્યતાઓ દૂર-દૂર સુધી દેખાઈ રહી નથી. રાષ્ટ્રપતિની ચૂંટણી બાદ વિપક્ષને આ ચૂંટણીમાં એકતા દર્શાવવાની તક મળી હતી. જો કે, ટીએમસીએ મતદાનથી દૂર રહેવાની જાહેરાત કર્યા પછી એકતા બતાવવાની સાચી આશાઓ તૂટી ગઈ. ટીએમસીએ કોંગ્રેસ પર તેની અવગણના કરવાનો આરોપ લગાવતા આ અંગે નિર્ણય જાહેર કર્યો. આ વખતે પણ ભાજપ પોતાના સાંસદોને વોટ આપવાની તાલીમ આપવામાં આવી છે શુક્રવારે સાંજે પાર્ટીના સાંસદોની બેઠક બોલાવવામાં આવી હતી બેઠકમાં સાંસદોને મતદાન કેવી રીતે કરવું તે સમજાવવામાં આવ્યું હતું બેઠકની અધ્યક્ષતા ભાજપ પ્રમુખ જે પી નડ્ડાએ કરી હતી.

## લીમખેડા BRCભવન ખાતે શ્રવણમંદ દિવ્યાંગ બાળકો માટે સાધન સહાય કેમ્પ યોજાયો




લીમખેડા,

તા.૦૫/૦૮/૨૦૨૨ ના રોજ દાહોદ જિલ્લાના માનનીય જિલ્લા પ્રાથમિક શિક્ષણા અધિકારી મયુરભાઈ પારેખના માર્ગદર્શન અને પ્રેરણાથી WEHEAR ઈનોવેશન પ્રાઈવેટ લિમિટેડ અમદાવાદ દ્વારા બીઆરસી ભવન લીમખેડા ખાતે શ્રવણમંદ દિવ્યાંગ બાળકો માટે સાધન સહાય માટેનો એસેસમેન્ટ કેમ્પ લીમખેડા, સિંગવડ, દેવગઢ બારીયા અને ધાનપુર એમ કુલ ચાર તાલુકાનો કેમ્પ યોજવામાં આવેલ તેમાં કુલ ચાર તાલુકાના ૬૯ દિવ્યાંગ બાળકોએ ભાગ લીધો. જેઓને આગામી સમયમાં તેઓ સાંભળી શકે તે માટેનું WEHEAR OX ઈન્સ્ટ્રુમેન્ટ આપવામાં આવશે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.293

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## પંચમહાલ જિલ્લાના ૫૦૧ ગ્રામ પંચાયતના

# ૨૨૭ જેટલા તલાટીઓ ચોથા દિવસે પણ હડતાળ રહી યથાવત



તસ્વીર : તુષાર દરજી, શહેરા

ગોધરા,
શહેરા સહિત જિલ્લાના ૨૨૭ જેટલા તલાટી કમ મંત્રીઓ પોતાની પડતર માંગણીઓને લઈને ચાર દિવસથી હડતાલ પર હોવાથી ૫૦૧ ગ્રામ પંચાયતની કામગીરી અટકી ગઈ છે. જયારે પોપટપુરા ખોડીયાર મંદિર ખાતે તલાટી કમ મંત્રીઓ વૃક્ષારોપણ, વીઠલવીઠલાની ધૂન બોલાવીને સરકાર તેમની પડતર માંગણી વહેલી સ્વીકારે તે માટે માતાજીને પ્રાર્થના કરી હતી.

શહેરા સહિત સમગ્ર જિલ્લામાં આવેલ ૫૦૧ ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા ૨૨૭ જેટલા તલાટી કમ મંત્રીઓ ગ્રેડ પે સહિતની વિવિધ પડતર માંગણીઓને લઈને મંગળવારના રોજ થી અચોક્કસ મુદતની હડતાળ પર ઉતર્યા હતા. ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા ૨૨૭ જેટલા તલાટી કમ મંત્રીઓ પોતાની વિવિધ માંગણીઓને લઈને હડતાલ પર હોવાથી ગ્રામ પંચાયત કચેરી ખાતે થતા કામકાજો અટકી ગયા હતા. જયારે પોપટપૂરા ખોડીયાર મંદિર ખાતે હડતાલના ચોથા દિવસે તલાટી કમ મંત્રીઓ બધા એકત્રિત થઈને વૃક્ષારોપણ, આંગણવાડી બાળકોને ફળફળાદી આપીને વિઠ્ઠલ વિઠ્ઠલ વિઠ્ઠલાની ધૂન બોલાવીને રાજ્ય સરકાર તેમની પડતર માંગણી વહેલી તકે સ્વીકારે તે માટે માતાજીને પ્રાર્થના કરી હતી. જ્યારે તલાટી કમ મંત્રી મહામંડળના જિલ્લાના પ્રમુખ કુલદીપસિંહ ચોહાણ એ જણાવ્યું હતું કે, જો સરકાર અમારી પડતર માંગણી વહેલી તકે સ્વીકારે નહીં તો અમારૂ આંદોલન ઉગ્ર બનશે અને અનેક કાર્યક્રમો આવનાર દિવસોમાં કરવામાં આવનાર છે. તલાટી કમ મંત્રીઓની પડતર માંગણીઓ સરકાર નહિ સ્વીકારતા ગ્રામ પંચાયત કચેરીનું કામકાજ અટકી જતા અનેક અરજદારોને ધક્કા ખાવાની નોબત આવી હતી. રાજ્ય સરકાર તલાટી ક્રમ મંત્રીઓની હડતાળનો સુખદ અંત લાવે તેવી માંગ ગ્રામ પંચાયત કચેરી ખાતે આવતા અરજદારોમાંથી ઉઠવા પામી છે.

## ઘોઘંબા તાલુકાના તલાટી કમ મંત્રીઓ દ્વારા સમગ્ર રાજ્ય વ્યાપી હડતાલ


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,
ગુજરાત સરકાર દ્વારા વિવિધ માંગણીઓ ન સંતોષાતા સમગ્ર કર્મચારી સંકલનનો સરકારની સામે મેદાને પડ્યા છે. ત્યારે વિવિધ માંગણીઓને લઈને તલાટી કમ મંત્રીઓનું મહામંડળ પણ તારીખ બીજી ઓગસ્ટથી સરકારી કામકાજમા પોતાની ફરજ પરના કામથી અળગા રહીને ફરજ બજાવવાનું એલાન આપી હડતાલ પર ઉતર્યા છે.

ઘોઘંબા તાલુકા તલાટી કમ મંત્રીઓ દ્વારા આજે ''હર ઘર તિરંગા'' યાત્રા ઘોઘંબામાં જોડાઈને રાષ્ટ્રપ્રેમ વ્યક્ત કર્યો છે, પરંતુ સાથે સાથે તેઓ હડતાલ પર હોવા છતાં સરકાર પાસેથી સમાન કામ સમાન વેતન, તલાટી કમ મંત્રીઓની સળંગ નોકરી ગણાય, જૂની પેન્શન યોજના ચાલુ કરવી, એક ગામમાં એક જ તલાટી જેવી વિવિધ સમસ્યાલક્ષી માંગણીઓની રજૂઆત કરેલ છે. સરકાર દ્વારા આજ દિન સુધી પણ તેઓની સાથે કોઈપણ જાતની ચર્ચા વિચારણા કરેલ નથી. પરંતુ આજરોજ તિરંગા અભિયાન પૂર્ણ કરીને તલાટી કમ મંત્રીઓ પોતાની હડતાલ પર મક્કમ રહ્યા હતા. હવે પછી તલાટી કમ મંત્રી મહામંડળ દ્વારા રાજ્ય કક્ષાએથી જે કોઈ સૂચનાઓ મળશે તે મુજબ આગળના કાર્યક્રમો ઘડવા માટે તેઓએ તૈયારી દર્શાવી છે.

## નદીસર ગામે કરોડોના ખર્ચે બનેલ ચેકવોલ ધોવાઈ જતાં શહેરા તાલુકા પંચાયતના વિરોધ પક્ષના નેતા દ્વારા ગાંધીનગર રજુઆત

### ઉચ્ચકક્ષાએ રજુઆત બાદ ગોધરા તાલુકા પંચાયતે ચેકવોલનું સ્થળ નિરીક્ષણ કર્યું



### નદીસર ગામે ચેકવોલની કામગીરીમાં હલ્કી ગુણવતાની કામગીરી

ગોધરા તાલુકાના નદીસર ગામે ૨૦ જેટલા ચેકવોલ બનાવવામાં કૌભાંડ આચરવામાં આવ્યું હોય જેને લઈ શહેરા તાલુકા પંચાયત વિરોધપક્ષના નેતા જે.બી. સોલંકી એ ગાંધીનગર રજુઆત કરી હતી. જેને લઈ ગોધરા તાલુકા પંચાયતના ટી.ડી.ઓ. નદીસર ગામે આવીને સ્થળ નિરીક્ષણ કર્યું અને ૧૦ થી ૧૫ ચેકવોલ તુટેલ હાલતમાં હોવાનું લેખિતમાં આવ્યું છે.

ગોધરા,
ગોધરા તાલુકાના નદીસર ગ્રામ પંચાયતમાં ૧ વર્ષમાં ૨૦ ચેકવોલ બનાવવામાં આવ્યા હતા. જે એક વરસાદમાં બધાં જ ચેકવોલ ધોવાઈ જતાં લાખો રૂપીયાનો ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યા હોવાના આક્ષેપ સાથે શહેરા તાલુકા પંચાયત વિરોધ પક્ષના નેતા દ્વારા ગાંધીનગર ખાતે રજુઆત કરવામાં આવી હતી. રજુઆતમાં જણાવ્યું કે, ચેકવોલ બનાવવામાં યોગ્ય નિયમ મુજબનું મટીરીયલનો ઉપયોગ કરવામાં આવ્યું નથી. માત્ર રેતી અને હલ્કી ગુણવતાનો સિમેન્ટનો ઉપયોગ કરી ચેકવોલ ઉભો કરી દેવામાં આવ્યો હોય જેને લઈ ચેકવોલ તુટી ગયેલ છે.

રાજય સરકાર દ્વારા ચેકવોલમાં અંદાજીત એક કરોડોનો ખર્ચ કરાયો હોય તેનું નુકશાન કરવામાં આવ્યું તેવો આક્ષેપ કરવામાં આવ્યા. નદીસર ગામે ચેકવોલ હલ્કી ગુણવતામાં ગોધરા તાલુકા પંચાયતમાં અરજી કરવામાં આવી ત્યારે અમુક ચેકવેલની તપાસ કરી પંચનામું કરીને સંતોષ માનવામાં આવ્યો. જયારે અન્ય ચેકવોલની તપાસ કરાઈ ન હતી. નદીસર ગ્રામ પંચાયત વિસ્તારમાં ચેકવોલની કામગીરી બીજેપી કાર્યકરો દ્વારા કરવામાં આવી હોય જેને લઈ સ્થાનિક તંત્ર તપાસ કરતું નથી. જેને લઈ ગાંધીનગર સુધી રજુઆતના પગલે થયેલ આદેશોને લઈ ગોધરા તાલુકા પંચાયત ટીમ દ્વારા નદીસર ગામે જઈને ચેકવોલનું સ્થળ નિરીક્ષણ કરવામાં આવ્યું.

## શહેરા કલ્યાણ ગામે ડબલ મર્ડરના કેસમાં આરોપીને આજીવન કેદ તથા ૨૫ હજારનો દંડ ફટકારતી કોર્ટ

શહેરા,
શહેરા તાલુકાના કલ્યાણ ગામે પગી ફળીયામાં કામના આરોપી ભુપત રતીલાલ પગીનાઓ પોતાની ભાભી વીનાબેન રમેશભાઇ પગી સાથે બોલાચાલી કરીને સંભળાય તેવી માં બેન સમાણી ગાળો બોલતા તેને ગાળો નહી બોલવા મરણજનાર બાલુબેન અર્જુનભાઈ પગીના કહેવા જતાં તું કેમ વચ્ચે આવે છે તેમ આરોપીએ જણાવી તેના હાથમાનું ચપ્પુ મરણજનાર બાલુબેનને બરડાના ભાગે મારી દેતા તેણીને બચાવવા અર્જુનભાઈ ભેમાભાઈ પગી તથા ફરીયાદી સોમાભાઈ ઉર્ફે ભલાભાઈ પ્રતાપભાઈ પગીનાઓ વચ્ચે છોડાવવા પડતા તેઓને જાનથી મારી નાખવાના ઈરાદે ચપ્પાથી અર્જુનભાઈને પેટના ભાગે તથા તેની આજુબાજુમાં ઉપરા ઉપરી ત્રણેક ઘા કરી જીવલેણ ઈજાઓ કરી તેમજ ફરીયાદી સોમાભાઇન બરડાના ભાગે ઉપરા ઉપરી ત્રણેક જીવલેણ ઘા કરી આમ, બાલુબેન અર્જુનભાઇ તથા અર્જુનભાઈ ભેમાભાઇ સારવાર દરમ્યાન મરણ જતાં આરોપી સામે ઇ.પી.કો. કલમ ૩૦૭,૩૦૨,૫૦૪ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબનો ગુન્હો શહેરા ખાતે નોંધાયેલ.

આ ફરીયાદ પક્ષે કુલ–૨૫ સાક્ષીઓ તપાસવામાં આવેલ જેમાં પંચો, ડોકટર, અન્ય સાહેદો તથા આઇ.ઓ.ની જુબાની માની તેમજ ફરીયાદ પક્ષે એડી.પી.પી એમ.કે.દેશમુખની સજા અંગેની દલીલો સાંભળ્યા બાદ તા. ૦૫/૦૮/ ૨૦૨૨ ના રોજ નામ પાંચમી એડી. સેશન્સ જજ એચ.પી.મહેતાની કોર્ટમાં આરોપી ભુપતભાઈ રતીલાલ પગી રહે.મંગલીયાનાઓને ઇ.પી.કો. ક.૩૦૨ તથા ૩૦૭ ના કામે તકસીરવાન ઠરાવી આરોપીને ઇ.પી.કો. ક.૩૦૨ ના ખુનના ગુના માટે આજીવન સખત કેદની સજા તથા ઈપીકો ક.૩૦૭ ના ગુના માટે ૧૦ વર્ષ સખત કેદની સજા તથા રૂા.૨૫૦૦૦/–નો દંડ ફરમાવેલ છે. સદર કામની સંપૂર્ણ તપાસ શહેરા પો.સ્ટે.ના પો.સ.ઇ. એ.એ. ચૌધરી નાઓએ કરેલ જ ન્યાય આપવા માટે સહાયક નિવડેલ છે.

## પાવાગઢ બાવામાન મસ્જીદ પાસે ટ્રાવેલ્સ પલ્ટી જતાં ૧ મહિલાનું મોત : ૧૬ વ્યકિતઓને ઈજાઓ



ગોધરા,
પંચમહાલના યાત્રાધામ પાવાગઢ ખાતે વડોદરા થી ખાનગી ટ્રાવેલ્સમાં પ્રવાસે આવ્યા હતા. ત્યારે બાવામાન મસ્જીદ પાસે ટ્રાવેલ્સના ચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવી દેતાં પલ્ટી ખાઈ હતી. ટ્રાવેલ્સ પલ્ટી જતાં એક મહિલાનું મોત નિપજાવા પામ્યું. જયારે ૧૬ લોકોને ઈજાઓ થતાં સારવાર અર્થે હાલોલ રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા.

વિસ્તૃત વિગતો પ્રમાણે પાવાગઢ યાત્રાધામ ખાતે વડોદરા થી ખાનગી ટ્રાવેલ્સમાં યાત્રાળુઓ દર્શન માટે આવ્યા હતા. ત્યારે પાવાગઢ બાવામાન મસ્જીદ પાસે ખાનગી ટ્રાવેલ્સના ચાલકે સ્ટીયરીંગ ઉપરનો કાબુ ગુમાવી દેતાં ટ્રાવેલ્સ રોડ સાઈડે પલ્ટી ખાઈ ગઈ હતી. ટ્રાવેલ્સ પલ્ટી ખાઈ જતાં ટ્રાવેલ્સ નીચે દબાઈ ગયેલ એક મહિલાનું કરૂણ મોત નિપજાવા પામ્યું હતું. જયારે બે વ્યકિતઓને ગંભીર ઈજાઓ જયારે ૧૪ વ્યકિતઓને નાની મોટી ઈજાઓ પહોંચી હતી. ટ્રાવેલ્સ પલ્ટી જતાં પોલીસ ઘટના સ્થળે દોડ આવી હતી અને સ્થાનિકોની મદદ થી ઈજાગ્રસ્તોને ૧૦૮ મારફતે હાલોલ રેફરલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. બે ગંભીર ઈજાગ્રસ્તોને વડોદરા ખસેડવામાં આવ્યા હતા. ટ્રાવેલ્સમાં ૧૮ મુસાફરો પ્રવાસે આવ્યા હતા.

## ઘોઘંબા તાલુકામાં ગુંજ્યા દેશ ભકિતના નારા



ગોધરા,
દેશભરમાં આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી થઈ રહી છે. જેના ભાગરૂપે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત હર ઘર તિરંગા અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આ અભિયાન હેઠળ ભારત દેશના દરેક નાગરીકમાં રાષ્ટ્રીય ભાવનાનું સિંચન થાય અને તિરંગા પ્રત્યે સન્માનની ભાવના કેળવાઈ તેવા આશય સાથે ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકામાં હર ઘર તિરંગા અભિયાન હેઠળ તાલુકા પંચાયતના હોદ્દેદારો, કર્મચારીઓ અને પોલીસ વિભાગ દ્વારા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતુ.

આ અંગે ઘોઘંબા તાલુકા વિકાસ અધિકારી કે.એ.પટેલે જણાવ્યું હતું કે દેશવાસીઓના હૃદયમાં દેશભકિતની લાગણી જગાવવાના ઉદ્દેશ્ય સાથે હર ઘર તિરંગા અભિયાનની શરૂઆત કરી છે. જેમાં રાજગઢ પોલીસ સ્ટેશનથી આ રેલી શરૂ કરાઈ હતી જે બજારની વચ્ચેથી ઘોઘંબા તાલુકા પંચાયત થઈને મામલતદાર કચેરી ખાતે રેલિનું સમાપન કરાયું હતું. આ રેલીમા પ્રાંત અધિકારી જી.જી.તડવી સહિત તાલુકા પંચાયત,પોલીસ કર્મચારીઓ, મામલતદાર કચેરીના કર્મચારીઓ/ હોદ્દેદારો સહિત મોટી સંખ્યામા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## દાહોદ આંતરસુંબા પ્રા.શાળામાં વિશ્વ આદિવાસી સપ્તાહની ઉજવણીના ભાગરૂપે બાળકોને આદિવાસી સંસ્કૃતિને જીવંત રાખવા આહવાન



દાહોદ,
આંતરસુબા પ્રાથમિક શાળામાં શાળાના આચાર્ય પલ્લવીબેન પટેલ ની અધ્યક્ષતામાં ૯મી ઓગસ્ટના રોજ વિશ્વ આદિવાસી દિન નિમિત્તે વિશ્વ આદિવાસી સપ્તાહની ઉજવણીના ભાગરૂપે શાળાના પટાંગણમાં આદિવાસી સંસ્કૃતિનો ઇતિહાસ, પહેરવેશ, બોલી, નૃત્ય, ચિત્રકલા, આદિવાસી સ્વાતંત્ર સેનાની ગૌરવ ગાથા, પ્રાચીન આદિવાસી સંસ્કૃતિના ગૌરવંતા ઈતિહાસ તેમજ આદિવાસી સંસ્કૃતિના લોકોએ સમાજમાં આપેલ યોગદાનને યાદ કરી અને શાળા પરિવારના આંગણે બાળકોને આદિવાસી સંસ્કૃતિ કે જેમાં પ્રકૃતિને દેવી દેવતાઓ તરીકે પૂજવામાં આવે છે. તેની પાછળ માનવીએ પ્રકૃતિ સાથે રહી કઈ રીતે સુંદર, સ્વસ્થ, નિર્મલ અને શાંતિમય જીવન જીવી શકાય એની સુંદર જાણકારી આદાન–પ્રદાન કરવામાં આવ્યું અને નવી પેઢીના બાળકોને આદિવાસી સંસ્કૃતિને જીવંત રાખવા માટે આહવાન કરવામાં આવ્યું.

સદર કાર્યક્રમમાં આદિવાસી સમાજના અગ્રણી ડાંગી ગુરૂજી, યુવા અને ક્રાંતિકારી નેતા વિપુલભાઈ ડામોર, અમરસિંહભાઈ, ગામના સરપંચ ધીરૂભાઈ ડામોર, સી.આર.સી કોર્ડીનેટર હિંમતસિંહ બારીયા, પે સેન્ટર આચાર્ય જાનીભાઈ, S.M.C. સભ્યો ગ્રામજનો હાજર રહ્યા. શાળાના બાળકોએ શાળાના બાળકોએ સુંદર આદિવાસી નૃત્ય રજુ કરી અને આદિવાસી સંસ્કૃતિને ઉજાગર કરી. યુવા નેતા વિપુલભાઈ ડામોર અને અમરસિહભાઈએ આદિવાસી સંસ્કૃતિના સંપૂર્ણ ઈતિહાસની ખૂબ જ સુંદર માહિતી આપી. ડાંગી ગુરૂજીએ આદિવાસી સંસ્કૃતિ વિશ્વમાં ૯૦ દેશોમાં ફેલાયેલી છે અને વિવિધ દેશોની આદિવાસી સંસ્કૃતિની વિશેષતા વિશે વાત કરી. સરપંચ ધીરૂભાઈ ડામોર અને સી.આર.સી.કોર્ડીનેટરએ વિશ્વ આદિવાસી દિનની શુભેચ્છા સૌને પાઠવી. કાર્યક્રમની આભાર વિધિ શાળાના આસિસ્ટન્ટ શિક્ષક રાજુભાઈ પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યું. શાળા પરિવારના તમામ મિત્રોએ કાર્યક્રમનું ખુબ સુંદર આયોજન કર્યું. અંતમાં કલ્યાણ મંત્ર દ્વારા કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી.

## કાલોલના અડાદરા ગામે જયંતિ હોસ્પિટલ ખાતે બ્લડ ચેકઅપ કેમ્પ યોજાયો



કાલોલ,
કાલોલ તાલુકાના અડાદરા ગામમાં આવેલ જયંતિ હોસ્પિટલ ખાતે મફત બ્લડ ચેક અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ડાયબીટીસ બી.પી.જેવા બીજા દસ પ્રકારના રીપોર્ટ બીલકુલ મફત કાઢી આપવામાં આવતા દુર દુર થી લોકો એ આવી આનો લાભ લીધો હતો. અત્રેએ ઉલ્લેખનીય છે કે, જયંતિ હોસ્પિટલ ખાતે રોજ અનુભવી અને ખુબજ નામાંકિત ડોક્ટરો પોતાની સેવાઓ મફતમાં આપતા હોય છે. સદર કેમ્પમાં ૧૮૦/થી વધુ લોકો એ આ કેમ્પમાં ભાગ લીધો હતો. વડોદરાની પ્રખ્યાત S.R. લેબોરેટરી દ્વારા દસ થી વધુ રીપોર્ટ બીલકુલ મફત કાઢી આપવામાં આવ્યા હતા. ત્યારે ઘણા લોકોએ આનો લાભ લીધો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લા કિટલાક વર્ષોથી રૂપલ મેડિકલ ટ્રસ્ટ દ્વારા આયોજીત જયંતિ હોસ્પિટલ ખાતે લોકસેવાના ઉદ્દેશ્ય સાથે કેટલાક નામાંકિત ડોક્ટરો બોલાવી લોકોને તેમનો મફતમાં લાભ આપવામાં આવે છે. ત્યારે ગોધરા સિવિલ હોસ્પિટલના પ્રખ્યાત એવોર્ડ વિજેતા એમ.ડી. તેમજ સ્પર્શ હોસ્પિટલ ચલાવતા હાર્ટ સ્પેશ્યાલીસ્ટ ડોક્ટર ઈશાન મોદી ઉપરાંત દર ગુરૂવારે ગાયનેક ડોક્ટર દાંતના ડોક્ટર હાડકાંના સ્પેશ્યાલીસ્ટ તેમજ ડો.રીયા શાહ જેવા ડોક્ટરો પોતાની સેવાઓ જયંતિ હોસ્પિટલ ખાતે આપતા કાલોલ તેમજ ઘોઘંબા તાલુકાના અનેક લોકો દુર દુરથી લાભ લેવા માટે આવતા હોય છે. ત્યારે જયંતિ હોસ્પિટલ ખાતે સુચારૂં આયોજન કરવામાં પંકજભાઈ શાહ, રસીકભાઈ શાહ તેમજ અશ્વીન શાહ જેવા લોકો દ્વારા જયંતિ હોસ્પિટલને ખુબ જ ઉંચા મુકામ સુધી પહોંચાડવામાં મહત્વનો ભાગ ભજવેલ છે.

## પંચમહાલ જિલ્લાના ગોધરા ખાતે નારી વંદન કાર્યક્રમ અંતર્ગત મહિલા કર્મયોગી દિવસની ઉજવણી કરાઈ



ગોધરા,
નારી વંદન કાર્યક્રમ અંતર્ગત આજ રોજ પંચમહાલ જિલ્લાના ગોધરા સ્થિત ફેડરેશન હોલ ખાતે મહિલા કર્મયોગી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના ગીત અને દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી.

આ પ્રસંગે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ પંચમહાલ દ્વારા કાનૂની જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં એડવોકેટ સકીલાબેન દ્વારા બહેનોને કામકાજના સ્થળે જાતીય સતામણી (અટકાવ, પ્રતિબંધ અને નિવારણ) બાબત અધિનિયમ ૨૦૧૩ બાબતે વિસ્તૃત માહિતી આપી હતી. આ સાથે ડો. જીતેન્દ્ર હડિયોલ દ્વારા પ્રેઝંટેશન મારફત માનસિક સ્વાસ્થ્ય બાબતે ઉપસ્થિતોને માહીતગાર કર્યા હતા. આજના આ પ્રસંગે મહિલા બાળ વિકાસ અધિકારી રોહનભાઈ ચૌધરી, દહેજ પ્રબંધક અધિકારી કિરણબેન તરાળ સહિત વિવિધ અધિકારીગણ/મહાનુભાવો અને મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ઘોઘંબાના ગોદલી ગામે ઝાયલો ગાડી માંથી ૨.૦૮ લાખનો ઈંગ્લીશ દારૂ ઝડપી પાડતી રાજગઢ પોલીસ



ઘોઘંબા,
ઘોઘંબા તાલુકાના રાજગઢ પોલીસને બાતમી મળી હતી કે, ગોદલી આંબાખુટના જંગલોમાં ઝાયલો ગાડીમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો ભરી લાવીને આવી કરનાર છે. તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી ઈંગ્લીશ દારૂ નંગ–૪૮૦ કિંમત ૨,૦૮,૮૦૦/– મળી મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ઘોઘંબા તાલુકાના રાજગઢ પોલીસને સવારે પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન બાતમી મળી હતી કે, ઝાયલો ગાડી નં.જીજે.૦૫.સીએલ.૬૬૪૬માં ઈંગ્લીશ દારૂનો જથ્થો ભરીને ગોદલી આંબાખુંટના જંગલોમાં ખાલી કરનાર છે. તેવી બાતમીના આધારે રેઈડ કરી ઝાયલો ગાડી માંથી વિદેશી ઈંગ્લીશ દારૂની પેટીઓ નંગ–૪૦ કિંમત ૨,૦૮,૮૦૦/–રૂપીયા, ઝાયલો ગાડી કિંમત ૫,૦૮,૮૮૦/–રૂપીયાના મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે ભીખાભાઈ ભલસીંગ ઉર્ફે હેમસીંગ રાઠવા, દલપત લક્ષ્મણભાઈ રાઠવા, રાજુભાઈ બાબુભાઈ રાઠવા, દિપસીંગ રાયસીંગ રાઠવા વિરૂદ્ધ પ્રોહિબીશનનો ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## કલાપ્રેમીઓ માટે કલા મહાકુંભ ૨૦૨૨ માટે અરજીઓ મંગાવવામાં આવી

ગોધરા,
રમતગમત યુવા અને સાંસ્કૃતીક પ્રવૃતિનો વિભાગ ગાંધીનગર તથા જીલ્લા યુવા વિકાસ અધીકારીની કચેરી પંચમહાલના સંયુકત ઉપક્રમે રાજયના સાંસ્કૃતીક વારસાનુ જતન થાય, કલા, સાહિત્ય અને સંસ્કૃતિમા આગવી ઓળખ ધરાવનાર અલગ–અલગ વયજુથના કલાપ્રેમીઓ અને પસંદગી પામેલ કૃતીઓનુ તાલુકા ક્ક્ષાએથી શરૂ કરી તબક્કાવાર રાજ્યક્ક્ષા સુધી ચાર વયજુથમાં ૬ થી ૧૪, ૧૫ થી ૨૦, ૨૧ થી ૫૯ અને ૬૦ વર્ષથી ઉપરની ઉમર સુધીના લોકો ભાગ લઈ શક્શે. જેમાં ૧૮ સ્પર્ધાઓ ઓનલાઇન અને ૧૫ સ્પર્ધાઓ ઓફલાઈન મોડમાં યોજાશે. જેમાં સાહિત્ય વિભાગ, કલા વિભાગ, નૃત્ય વિભાગ, ગાયન વિભાગ, વાદન વિભાગ, અભિનય વિભાગ મુજબ સ્પર્ધાઓ યોજવામા આવનાર છે.